૧૧૯૮

દાદગાહે નોશીરવાન

ઈઆને

શેઠ નશરવાંનજી રતનજી તાતાએ શ્રી

નવશારી મધે બંધાવેલાં

દુખમાંનો હેવાલ.

તમાંમ બેહેતમાં બનાવનાર,

મોબેદ દાદાભાઈ ખારશેદજી દોરડી.

મુંબઈ:

ધોબીતલાવપર નંબર ૭૭૦ વાળાં ઘેરમાં વરતમાંન પ્રેસમાં

મનચેરજી હોશંગજી જાગોસે છાપ્યોછે.

શને ૧૨૪૮ ઈઅજદેજરદી.

ઈસાવી શને ૧૮૭૯ અંગરેજી.

શંવત ૧૯૩૫ વીક્રમાજીત.

કીંમત રૂ૦।=

દોબાચો.

પરથમ લેઊ છું પાક ખોદાતાલાનું નાંમ,
એ મુબારક નાંમથીજ પાર પડેછે ધારવેલુ કાંમ.

કે બંધે જગતનો એ છે ખરો દાતાર,
શરવે જીવજનતનો તે ઊપર છે આધાર.

મરવું અને જીવવું છે તે કીરતારનેજ હાત,
તેની મરજી વગર કોઈ નહી કરી શકે ઘાત.

તેનો મોકલેલો જરથોશત ખરો પેગમબર,
યજદાંથી પાક દીન લાઓ એ અશો નર.

એ પેગંમબર આવેઆથી દુનીઆ રોશન થઈ,
નાબુદ થઈ તમાંમ આએ દુનીઆમાંથી બુરાઈ.

ખોદાઈ નીતીનો પછી બહુ થઓ ફેલાવો,
માંણશોમાં ભાઈબંધીનો પછી થઓ મેલાવો.

ઈનશાંનોની બુરી રાહા તેને શુધારી,
ખોદાને પીછાણવાની શકતી તેને વધારી.

બતલાવેઓ ઈનશાંનોને તેને ખોદાઈ રશતો,
હુવો થઈ ગીઓ છે તે પાક ખોદાઈ ફરેશતો.

શચાઈ ને રાશતીનોજ ધરાવતો હતો વીચાર,
બુરી રાહુપર ચાલનારાઓ ઊપર નાંખતો ધીકાર.

હોજો તેના રૂહ ઊપર હજારો હજાર આફરીન,
કે આ દુનીઆનાં ગાફલોને બતાવી પાક દીન.

હુવે લખુ છું આએ હુવાલ બનાવાનો ટુક શાર,
કે એ દુખમાંનો હુવાલ લખવા મેં કીધો વીચાર.

એ દુખમાંને લગતી રચના જોઇ ઊશકેરાઇઊ દીલ
એ વીશે ટુક હુવાલ લખવા મેં નહી કીધી ધીલ.

ને બેતનાં આકારમો લખવુ શરૂ કરીઊચ,
દાનાઓની શેવામાં તઇઆર કરી ધરીઊચ.

કે ભુલ ચુક દરગુજર કરી દેજો ઇનશાફ,
લખીઓ છે એ હુવાલ મારૂં દીલ રાખી શાફ.

પીતી શેઠની શગડીનોબી ટુક લખેઓ છે હુવાલ,
નવશારીમાં એ શાહુબોનું નાંમ રેહશે ચનદરોકાલ.

ગવરનર આવી ગીઆનોબી ટુક લખીઓછે સાર,
એ નાંમદારનુબી શાથે નાંમ રેહુશે ઇઆદગાર.

માહારામો નથી કંઇ મોહટું વીદીઆનું બલ,
એ હુવાલ લખીઓછે મારી નાકેશ વાપરી અકલ.

હું છેઊં એક ભગર શાથનો અથોરનાંન,
નવશારી કશબામાં છે મારૂં મકાંન.

આએ ટુક દીબાચો હવે શમાંપત કરૂંચ,
ને એ હુવાલ લખવા મારી કલમ ધરૂંચ.

મુંબઇ રોજ ૧૪ મો માહ ૪ થો શને ૧૨૪૮ ઇઅજદેજરદી, તા૦ ૧ લી જાનેવારી શને ૧૮૭૯ ઇશવી.

લા૦ મોબેદ દા૦ બ૦ દોરડી.

સાંકળીઊં.

દાદગાહે નોશીરવાન

ઇઆને

શેઠ નશરવાંનજી રતનજી તાતાએ શ્રી નવશારી મધે

બંધાવેલાં

દુખમાંનો હેવાલ.

દીલ પશંન છે ઘણો કશબો નવશારી,
તેની હવા અને પાંણીની વખાંન છે ભારી.
તાંહાં પારશીઓની છે ૭૩૬ વરશની વસતી,
અવલથીજ ગણાએછે તેઓ ઇઅજદાંપરશતી.
અથોરનાનોનું ગણાએછે એ વડું મથક,
હાલબી ઘણાં છે હુને તાએબે પનથક
તાંહાં દારાબજી માહીઆરજીછે હાલ વડા દશતુર.
તેઓ સાદાઇ અને લાએકી ધરાવેછે પુર,
હાલ છે એવણની વીશ વરશની ઊમર,
શોલ વરશની ઊમરમેજ બેઠા ગાદી ઊપર.
એવણના વખતમાં થઇઊછે દુખમું બંધાવાનુ શરૂ,
તેથી હું ખુશી ભરીઆં દીલે હાતમાં પકડુછું બરૂ.
ને લખવા શરૂ કરૂછું એ ભલાં કાંમનો હેવાલ,
દાનેશમંદ જરથોશતીઓ વાંચીને થશે ખુશાલ.

નવશારીમાં એક નવું દુખમું બંધાવાની અગત, અને તે વીશે શેઠ નશરવાંનજી રતનજી તાતાને કરવામાં આવેલી અરજી વીશે.

નવશારીમાં એક નવાં દુખમાંની જણાઈ અગત,
એ વીશેની ચકચાર થઇ હતી ઘણી વખત.
પણ નહી કીધી કોઇએ તેહની આગેવાંની,
એક બીજાની અંતરથી ભલાં કાંમની થતી હતી હાંની.
થોડાએક ભલા મોબેદોની થઇ ઊલટભરી મરજી,
શેઠ નશરવાંનજી તાતા ઊપર કરવા ધારી અરજી *
ને કેડવીઓ રોજ શહરેવર ને ફ્રરવરદીન માશ,
બારશો છેતાલીશ હતો ઇઅજદેજરદી ખાશ.
ચાર વાગે ખરશેદવારીમાં મલી અનજુમન,
શરવે જન બતાવવા લાગા ઊલટ ભરીઊ મન.
રૂશતમજી જામાશપજી દશતુરે હયાં વાંચી અરજી †
એક દુખમુ બંધાવાની તેમાં જણાંવી મરજી.
નમનતાઇથી અનજુમને એ માંગણી કીધી,
પછી શરવે અનજુમનની તેપર શહી લીધી.
દ૦ રૂશતમજી કેકોબાદજી અને બીજા જણ ચાર,
ડેપીઊટેશનથી અરજ પોંચારવા થઆ તઇઆર.
ઠેડાવ પરમાંણે શરવે આવેઆ મુંબઇ બંદર,
ઘણાંએક તેવોને લેવા ગીઆ ઇશતેશન ઊપર.

---

* એ ભલા મોબેદોની આગેવાંનગીથી દશતુર રૂશતમજી કેકોબાદજીની શાથે બીજા લાએક બુજરગો શાંમેલ થઇને દેશાઇ ડોસાભાઇ બમનજી પાશ શહલા લેવા ગયા હતા તેથી દેશાઇજીએ ઊલટ આપી કે આપણે તાતાજી ઊપર એક અરજી કરીએ, હું પણ ભલાંમણ કરશ.

† જુઓ એ અરજીની નકલ પાછલા ભાગમાં ના૦ ૧.

બારવને ઠેડાવ કીધો અરજી પોંચારવા,
બીજા લાએક માણશોનેબી શાતે લઇ જવા.

એ અરજી લઇ જનારાઓનાં લખું છઉ નાંમ,
નીચે લખેલા શાહુઓ ગીયાતા તમાંમ.

દશતુર રૂશતમજી કેકોબાદજી મેરજી રાંનાના, *
દશતુર ખોરશેદજી જમશેદજી જામાંશપ આશાના *

દશતુર જામાંશજી શોરાબજી મેરજી રાંનાંના,
ઓખેદ દાદાભાઇ માંણેકજી આદરાંનવારાનાં.

ઓખેદ નવરોજી રતનજી કુતાર દરાબપાલંનનાં,*
ઓખેદ રૂશતમજી દાદાભાઇ રૂશતમજી માંદંનનાં.

પરાંમજી તા૦ જમશેદજી શોરાબજી મેરજીરાંનાંના,
ઓખેદ એદલજી બરજોરજી પાલણજી મુલાંનાં.

મનચેરજી એરચજી ઓહોટા દેશાઇનાં, *
ઓખેદ પરદુનજી રૂશતમજી ભેદવારમાઇનાં. *

ઓખેદ રૂશતમજી એદલજી બાંમજીનાં,
ઓખેદ પાલણજી રતનજી દાદાચાંનજીનાં.

ઓખેદ હોરમજી બરજોરજી કુતારનાં,
ઓખેદ માંણેકજી ખેરાંમજી શઇઆરનાં.

ઓખેદ નશરવાંનજી દાદાભાઇ ભેદવાર માઇ,
ઓખેદ નશરવાંનજી ખરશેદજી વાછાભાઇ.

ઓખેદ એદલજી કેરશાશજી આંતીઆનાં,
ઓખેદ જમશેદજી પાલણજી ભેદવારનાં.

એટલા જન હતા ડેપીઊટેશનનાં મેમબરો,
પોતાનાં ગાંમનું ભલુ ઇછવા ગયાતા એ નરો.

નવશારીથી અરજી લઇને આયા જન પાંચ,
ફુલકરીની નીશાંનવાલા નાંમ તું વાંચ.

રોજ દશમો આવાં ને હતો ફરવરદીન માંશ,
બારશોને છેતાલીશ યજદેજરદી ખાશ.

વાલકેશવર તાતાજીને બંગલે શરવે ગઆ,
એ શાહેબોને માંન આપવા શેઠ તઈઆર થયા. †

શરવે શાથે માંનથી શેઠે શેકીન કીધી,
શરવેજને પોતપોતાંની પછી બેઠક લીધી.

દશતુર રૂશતમજીએ શેઠને આપી અરજી,
દશતુર ખોરશેદજીને વાંચવા શેઠે જનાવી મરજી.

ખુશીથી અરજી વાંચવા ઊઠીઆ દશતુરજી,
બાગે બુલંન એવંન શાહેબે વાંચી અરજી.

પછી ટૂંકમે કીધું એવંણે અશરકારક ભાશાંન,
શેઠ તાતાજીની કીધી બહુ તારીફ ને વખાંન.

ને બીજી કીધી થોડીએક બેતબાજી,
દશતુરજીનાં એ ભાશાંનથી શેઠ થઆ રાજી.

પછીનોશારીની અંજુમનનો શેઠે માનેઓ ઊપકાર,
એ ભલુ કાંમ કરવા શેઠ થએઆ તઈઆર.

ને બોલીઆ કે હું છેઊં અંનજુમનનો તાબેદાર,
જો ઊગરાત કરી બાંધશુતો ઘણાં વરશ લાગશેવાર

તરત થાવું જોઈએ એ અગતનું ભલું કાંમ,
શેવક રાખેચ મરજી એ કાંમ કરવા તમાંમ.

એ અરજીનો તમુને હેવો આપુછું જવાબ,
કે થોડા દીનમો નવશારી મોકલશ શીતાબ.

---

† એ શેઠની શાથે બીજા શાહેબો પણ હતા તેમા શેઠ હોરમજી નવરોજી શબ્બલાતવાલા તથા શેઠ જમશેદજી નશરવાંનજી તાતા, અને શેઠ શોરાબજી કાવશજી તાતા.

હેવો જવાબ શમજી શરવે ખુશી થાએઆ,
શરવે જણા શેઠનો ઉપકાર માની આવીઆ. *

શેઠ તાતાજીએ પોતાના એખલાનાજ ખરચે દખમું બંધાવી આપવાનો મોકલેલો જવાબ.

—(૦)—

પછી દીન દશએ નવશારી મોકલીઓ જવાબ,
શોરાબજી કાવશજી તાતા લાવીઆ શીતાબ.

રોજ ફરવરદીન ને માહા ફરવરદીનને દીને,
બારશે છેતાલીશ ઇઅજદેજરદી શને.

શરવે જરથોશતીઓને કરાવીઆં એજન,
દખમાં આગલ ચાર કલાકે કરવા જશન. †

શરવે જરથોશતીઓનો તાંહાં થાઓ જમાવ,
એ વખતે શાતશો માંણશોનો દીશીઓ દેખાવ.

એક કલાકમાં તમાંમ થાઇ કીરીઆ,
રૂશતમજી જામાંશજી દશતુર પછી ઊઠીઆ. ‡

ને શેઠ તાતાજીની તરફનો વાંચેઓ જવાબ, §
માતાજી કુવરબાઇને નાંમે કરવા લખેઓ શવાબ.

---

* તાતાજીએ એક કાગલ દેશાઈ ડોશાભાઇ બમનજી ઉપર લખી હેવું જણાવીઊં કે એ ભલું કાંમ કરવા વીશેનો જવાબ અંનજુમન ઉપર તરત મોકલશ. એ કાગજ દેશાઇજી એ અગીઆરોમા અંનજુમન આગલ વાંચયો હતો.

† શેઠ શોરાબજી તાતાએ પોતાનાં બાઈ દાદાભાઈનો નઇએતે જશન કીધું હતું.

‡ શેઠ શોરાબજી તાતાની ફરમાશથી રૂશતમજી જામાશ જીએ જવાબ વાંચેઓ હતો. એ દંને તાતાજીના બપાવા દોરાબજીનો બાજ હતી.

§ જુઓ એની નકલ પાછલા ભાગમાં. ના૦ ૨

નવશારીની અનજુમનનો માંનેઓ ઊપકાર,
દેશાઇ દશતુરોનોબી શાથે માનેઓ હાભાર.
અગત જોગ અનજુમંનની માંગી મદત,
બીજી કેટલીએક લખી મોકલી હેમાં શરત.
એ જવાબ શમજી શરવેએ ખુશી બતાવી,
શેઠ તાતાજીને નાંમે પછી તનદરોસતી ભનાંવી.
તાતાજી રાખેછે પોતાના વતન ઊપર પેઆર,
અંજુમનેબી મદત કરવાનો જણાવેઓ વીચાર.
પછી શરવે મોબેદાને વેંહેચી આશોદાદ,
મીજલશ બરખાશ થઇ બધી ખુશાલી શાત.
રાતે થઇ એ ખુશાલીની ગાંમમો ધુમધાંમ,
તરતામો લાઇતો કરી શીંગારીઊ હતું તમાંમ.
ઢોલ તાશાનાં વજરાવીઆં હતાં વજનતર,
બાલકો ખુશીનાં પોકારથી કરે ગરબર.
ખુશીભરીઆ દીલથી ગુજરી એ દીવશની રાત,
તાતાજીની તારીફની ઘેરઘેર ફેલાવા લાગી વાત.

ફુરમાનો પાઓ ખણવાની શરૂઆત.

——(o)——

પાઓ ખનવાની કીરીઆનો લખુ છેઊ શાર,
તે શમજીને ખુશી થશે દાનેશમંદ વાંચનાર.
તાતાજી શેઠ પેહલા આવેઆ નવશારી,
અનજુમંન શાંબી લેવાને ગઇતી શારી.
રોજ આશતાદ ને માહ અમરદાદ માશ,
બારશો છેતાલીશ ઇઅજદેજરદી બાશ.

આખા ગાંમનાં જરથોશતીઓને કીધાં ઈજન,
કેડવીઊ દખમાં આગલ કરવા જશન.
દશ વાગે લોકોનો થઓ બોહલો દેખાવ,
એ વખતે પાંનશો માંણશોનો હતો જમાવ.
દશતુર રૂશતમજીએ કીરીઆ કીધી તમાંમ,
પછી દશતુર દારાબજી કરવા ઊઠીઆ બાશાન.
ને કીધી શેઠ તાતાજીની તારીફ ને વખાંન,
એ ભલુ કાંમ ઊઠાવી લીધુ તેનુ માંનીઊ હેશાન.
પછી તાતાજીએ હુનો જવાબ ઊપકારથી વાલીઓ
ને બોલીઆકે મારી ફરજનો વચન મેં પાલીઓ.
અંજુમનનો શેઠે માનેઓ ફરી ઊપકાર,
દુખમાંની જગો આગલ જાવા થાઆ તઈઆર
તાંહાં જઈને શરવેજને ઈઅથાઅહુવેરીઓ ભની,
બાજ ધરનારે તરણ મરતબે જમીન ખણી.
અનજુમને તનદરોસતી શેઠને નામે ભણી,
શરવે જને શેઠનાં હકમે દુવા માંગી ઘણી.
એ ભલાં કાંમની કીરીઆ થાઈ તમાંમ,
શરવે જણને વદીઆ કરતાં શેઠે કીધી શલાંમ.
મોબેદ ખરશેદજી બેરાંમજી શઈઆર,
એ બાઈ હતા હીઆં બાજ ધરનાર.

દુખમાનો તાણો પુરાવાની કીરીઆ.

હવે તાંનો પુરવાની કીરીઆનો લખુંછેઊ દંન
શહેરેવર માંશમાં બેરાંમ રોજનું હતું જશન.

બારશો છેતાલીશ ઇજદેજરદી શને,
તાંનો પુરવાની કીરીઆ કેડવી ઊપલે દને
માંદવ નાખવા હેડવીઊ ખરશેદ વારી,
તાંહાંનાં ખેતરોની જગો જોઇ શારી.

પેહલે શાપ્ર કીધો કચરો અને કાદવ,
ને બાંધેઓ તે ઊપર એક રાખશી માંદવ,
ને પુરી કીધી શરવે ગોઠવન તમાંમ,
મુશાપ્રરોને લાએકનો રાખેઓ શરંજામ.

હોટલો અને હોલશાપોનું બનાવીઊ બજાર,
શરવે ઊપીઓગી ચીજ મલતીતી તઇઆર.
શરબત અને આઇશ ને શોડાવાટર,
મીઠાઇ મેવાની દુકાંનોબી મુશાપ્રરોને ખાતર.

ખરશેદવારીનો તો અજબ થએઓ દેખાવ,
તરેહ તરેહના વાવતાઓનો શીંગાર ખુશનમાવ.
રંગ બેરંગીન લાઇટનો રાતે કરીઓ શીંગાર,
એ દેખાવ જોવા આવે લોક બીશીઆર.

થાંભે થાંભ મીઠાં પંની ભરાવીઆં ચીકાર,
ચેઆલીશ માંનશો એપર રાખીઆં ઓશતવાર.
બીજી કીધી હતી મુશાપ્રરોને શેઠે હેવી મદદ,
તેલ, લાકડાં, શાદરી શાત જોઇતી ચીજ મલે જત.

હાવી ચેનીજથી મુશાપ્રરો બહુ ખુશી થાએ,
તાતાજી શેઠની ખુબીની તેઓ વખાંન ગાએ.

મુંબઇથી આવી હતી એક રેલવે ઇશપીશીઆલ
હેમાં આવેલાં લોકો દીશતાતા બહુ ખુશાલ.
કેટલાએક શેઠીઆઓ આયા હતા એજ ગારીમાં,
ઊતરેઆ હતા શઘલા બંગલા અને વારીમાં.

સવારથી દખમાં આગલ લોકો ચાલવા લાગા.
શાત વાગામોતો હજારો લોક તાંહાં દીશવા લાગા.
શાહરા છ વાગે શરૂ કીધી તાંણાની કીરીઆ,
નવ વાગામાંતો તાંણો તેઓ પુરી રહીઆ.
રૂશતમજી કેકોબાદજી દશતુર તાંણો પુરનાંર,
બીજા મોબેદ નવરોજી રતંનજી અટકે કુતાર.
વડા દશતુર દારાબજીએ એ કીરીઆ કરાવી,
નાંધલી ઊમરમે શારી ચનચલાઇ બતલાવી.
એ રાખશી મેલાની હેવી કીધી હતી ગોઠવણ,
કે દરએક જોનારાઓને નહી પડતી અડચણ.
મરદોને માટે બેઠક જુદી બનાવી હતી,
ઓરતોને માટે હલાએદી રખાવી હતી.
હેવી ગોઠવણથી શરવે ખુશી થતા હતા,
ધીરજથી શરવે જન કીરીઆ જોતા હતા.
બધી ગોઠવણ છતાં લોક નહી શમાએ,
એ જોવા બીજાઓ આતુરતા દેખાએ.
હંઇ તઇ ફરીને જોવા ફાંફાં મારે,
બાંક ઊપર ઊભિલાઓને નમીને બેશારે.
શેંકડો લોકતો બેશીને રમત ગમત કરે,
ઘણાંએક લોકો જુનાં દખમાંઓ જોવાને ફરે.
એ શરવે દેખાવનાં લીધા હતા ફોટોગરાફ,
હતા તે ફોટોગરાફ બહુ શુંદર ને શાફ.
લેનાર મોબેદ પરવેજજી દાદાભાઇ વજીફદાર,
એવણ શાથ હતા એવંણનાં ભાઇ મદતગાર.
દરવાજાની બાહેર વેચાતીતી ફરૂત મીઠાઇ,
દુકાંનદારોને એથી શારી થતીતી કમાંઇ.

તાતાજીએ હીંઆં રખાવીતી શારી ગોઠવન,
એનીજરોબી રાખીઆતાં ઘણાંએક જન.

જેવી થાઇ રહી તાંણો પુરવાની કીરીઆ,
તેજવેલા શરવે લોક પઇશા નાંખવા પરીઆ.

દશતુરખરશેદજી જામાંશપઆશાનાંએ કીધુ ભાશાન
તાતાજીનાં એ ભલાં કાંમની કીધી વખાંન.

મુંબઇથી આવેલા શેઠીઆઓનો માનેઓ ઉપકાર
કે તમો શાહુઓથી આએ મેલાનોછે શીંગાર.

પછી શેઠ બેરાંમજી જીજીભાઇએબી કીધુ ભાશાંન,
તાતાજીએ ભલુ કાંમ ઉઠાવીઉ તેની કીધી વખાંન.

શરવે અનજુમનનો તાતાજીએ માનેઓ ઉપકાર,
આવેલા શેઠીઆઓનોબી માનેઓ આભાર.

દખમાં આગલથી ધીરેધીરે લોક પાછુ ફરીઉં,
ખાવા પીવાની હવે લોકો મોજમે પરીઉ.

હોટલોમેતો હવે પડવા લાગી ધમાંલ,
ખાધાપીધા પછી ઘણાંએકો ગાતાતા ખીઆલ.

આતશબેરાંમમાં શેજદો કરવા લોક ગીઉ પુશકલ,
ચાલવા હાલવાની તીહાં જગો નહી મલે મુદલ.

બોએવારાઓમાં હતા કાંગા વારાઓ,
એઓનેબી શારા પડીઆતા તડાકાઓ.

અડીશો રૂપીએ વારો ચડીને આવેઆતા,
એક શારી રકમ ફાજલ પાડી લાવેઆતા.

બોએવારામે હતા ફરાંમજી કાવશજી,
બીજા હતા કાવશજી દાદાભાઇ.

તરીજા હતા એદલજી એરચજી,
એ ભાઇઓ ગઆતા પોત પોતામે શમજી.

બપોર પછી ગાંમમેની ઓરતો જોવાને જાએ,
બુઠાઓબી તાંણે જોઇને બહુ ખુશી થાએ.
રાતપડી તાંહાંશુધી લોક જોવા આવે બહુ,
ગાંમમોનાં શુબા શાત બીજા હીંદુઓ શહુ.
રાતે ગાંમમો લાઇટનો કીધોતો શીગાર,
દખમાં શુધી વાવતાઓનીતો બાંધીતી હાર.
દંન બે શુધી તરૂતામે બેશાડીઆતાં ઢોલ,
હીઆંની રચનાં લોક જોવા આવે પુશકલ.
લાઇટો ને વાવતાઓનો કીધોતો શીંગાર,
તરૂતાનાં ચકલાનો પુર ખીલીઓતો બાહાર.
તહરેતહરેની એ રાતે ચાલીતી રમત ગમતો,
કેટલાએક ઠેકાણેતો ચાલીતી કુશતીની રમતો.
પરગાંમથી મંગાવીતી બશો ઊપર ગારી,
મુશાફરોને એથી શગવડ પડીતી શારી.
જાંહાં માંગો તાંહાં મલતીતી તઇઆર,
તે ઊપર ખુશીથી મુશાફરો થાતાતા શવાર.
બારબરદારી જેવાં ગાડામાબી ખીચોખીચ બેશે,
રશતા ઊપરનાં લોકો એ જોઇને ખુબ હશે.
ગાંમે ગાંમથી આવેઆતા જરતોશતી ભાઇઓ,
કેટલાએક શેઠયાઓની શાથ આવીતી બાઇઓ.
મોહતો ભાગ ઊતરેઓતો લોકને ઘેરેઘેર,
બનીઊ હતુ આ કશબો ગોએઆ નામીચુ શેહેર.
પરગાંમનુ લોક આવેઊ હતુ આશરે શાત હજાર,
ગાંમનાં લોકોનો તો બીજો હજારોનો શુમાર.
પુર શમાંધાનીથી ગુજરેઓ એ ખુશીનો દંન,
મુશાફરો પાછા ફરતા હતા ખુશી ને મગંન.

બુધાઓ કેહચકે હાવો હુઈ નહી ગુજરેલો દન,
એ દીવસની રચનાંની તારીફ કરે દરએક જન.
એ દંનની તારીફનું તાતાજીને ઘટેછે માંન,
કુલે જરથોશતીઓ એ શેઠની કરે વખાંન.
જે ઇનશાંન હોએ ખરો ભાગ્યશાલી,
તેજ નર ઊઠાવી લે એવાં કાંમો ભારી.
ને રાખી જાએ આ દુનીઆમાં અમર નાંમ,
વલી પેલી જીઆંનમે મલે બેહશતનુ મુકાંમ.
એ દીવશ પછી તાંણો ખોલો રાખેઓ દીન બાર,
એટલા વખતમે બીજુ લોક આઇઊ બેશુમાર.
શતરશો રૂપીઆની તાણાઓ પરીતી પરત,
તે દર રોજ ઊપરીઓઊતરી કાડતા હતા તરત.
તાંનાં પર આવેઆ હતા ઘણાંએક રીપોરટરો,
લખી લઇ ગીઆતા તમાંમ હેવાલની ખબરો.
મુંબાઇ ગેજેટમો લખાએઓ તો રંગીન હેવાલ,
વાંચનારાઓ શમજીને બહુ થતા ખુશાલ.

કુખમાંનાં તાંણાની વખતે આવેલા શેઠીઆઓ, અને શેઠ દીનશાજી માંણેકજી પોટીએ શગડો બાંધવા કહી તે વીગો.

શેઠીઆઓમો હતા શેઠ બેરામજી જીજીભાઇ,
એ નામદાર છે પોતે શી. એશ. આઇ.

ઊતરેઆ હતા એવણ ગારડાજીને બંગલે,
એ શેઠની લાએકીની પીછાંનછે શગલે.
પોતાના મીતરોનેબી શાથે લાવેઆ હતા,
શેઠ નાનાભાઈબી બાવા શાથ આવેઆ હતા.
બીજા હતા શેઠ દીનશાજી માણેકજી પીતી,
એવનની ખુબીની થોડી લખું છું લીતી.
કે જરથોશતી ધરમમો એવણછે ખરા દીનદાર,
દરએક ધરમની કીરીઆમાં શદા રેહેછે તઈઆર
તાણાની કીરીઆ જોવા આવેઆ નવશારી,
એ શેઠીઆને નવશારીની હવા લાગેછે પીઆરી.
એ શેઠની શખાવતની બહુ છે વખાંન,
શરવે જરથોશતીઓ આપેછે બહુ માન.
ગરીબો અને નાચારોને છુપી કરેછે મદત,
ઘણાંએક ધરમનાં કાંમો ઊઠાવી લીધાં છે જત.
સપીનીગના કારખાંનાઓના એવણ છે ધણી,
લાખો રૂપીઆની દોલત ધરાવેછે ઘણી.
નવશારીમાં એક શગદીની ઘણી હતી અગત,
એ વીશે અનજુમને શેઠને અરજ કરી જત.
ને ગઈ એ શેઠનાં ઊતારા આગલ ખાશ,
શરવેને માંનથી બેશારીઆ પોતાની પાશ.
ને પછી કીધી અનજુમને શેઠને હેવી અરજ,
કે એક શગદીની હમુને હાલ ઘણી છે ગરજ.
ને કરી આપો તમો હમુને એ અગતનુ કાંમ,
કે હમારા ગાંમમા તમો શાહેબનુ રેહે નાંમ.
અનજુમનની એ માંગનીને આપીઊ માંન,
ને કબુલ કીધુ શેઠે શગડી બાંધવાનું મકાંન.

એ શમજીને શરવે અનજુમન બહુ ખુશી થાઈ.
એ ભલા શેઠના હુકમો શરવે જણે દુવા ચાહી.

બારવને બોલાવીઊ દખમાં આગલ અંજુમન,
તાંહાં જાઈ જગો તપાશીને એક કરી પરશન.

ને બનાંવી તનદરોસતી એ ભલા કામની,
ને બાંધવા કહી પોતાના માતાજીના નાંમની.

એ અગતનુ કાંમ ઊથાવીને શેઠે લીધુછે માંન,
અતરેનાં જરથોશતીઓ ઊપર શદા રેશે હેશાંન.

એ શગદીથી હવે બહુ શગવર થશે,
આશરો લેનારાઓ બેશી દોવા ગાશે.

એ શેઠ ઊતરેઆતા અતરેના શોરાબ બાગ,
એ બાગનો ગેરીઓતો શેઠે બધો ભાગ.

શરવે કુટંબોને પણ શાથે લાવેઆ હતા,
ઘણાંએક મીતરોબી શાથે આવેઆ હતા.

બીજાબી આવેઆ હતા ઘણાંએક શેઠીઆ,
તેમાં હતા શેઠ નશરવાંનજી જાંગીરજી વાહડીઆ.

એ પુતર છે શેઠાંની મોતલાંબાઈનો,
એ શેઠનો ખવાસ છે બહુ નમનતાઈનો.

એવન છે પોતાના ધરમ ઊપર બહુ ચુશ,
અતરેની હવા એવનને લાગીછે ખુશ.

એ શેઠેબી નવશારીમાં હુવો કીધો છે ધરમ,
કે એક શરશ ઘડીઆલ મુકીઊ આતશ બેરાંમ.

ને શાથે ચહડાવીઊ હતુ એક રૂપાનુ તોરન,
ને બીજો કેટલોએક કીધો છુપો ધરમ.

બીજા શારાં માંણશોબી આવેઆ હતા,
પોતાના કુટંબોનેબી શાથે લાવેઆ હતા.

અતરે આવેઆ હતા શાહેરે મનશુખ,
જેનુ ગંજનામું વાચીઆથી ભાગેછે ભુખ.
એ શાહેર છે અતરેનો અસલી વતનદાર,
હાલબી છે એવનના અતરે ઘેર અને બાર.

નવશારીનાં શુબાએ દુખમાંના કાંમમાં કરેલી મદદ અને તેને માન આપવા પારશીઓએ બોલાવેલો શભા.

ગાંમમાંના શુબાએબી મદદ કીધી ભારી,
ઠાંમે ઠાંમ પોલીશ ચોકી રખાવી હતી શારી.
શેઠીઆઓની ગારી શાથે આપીઆ શવાર,
આગલ દોરીને પોઇશ પોઇશનો મારે પોકાર.
એથી શેઠીઆઓની ગારીનો મારતો દમાંમ,
શેઠીઆઓને શુબાએ એથી પુર આપીઊ માંન.
ઠરાવ કીધો શેઠીઆઓએ શુબાનો માંનવા ઊપકાર,
શાથે એ કશબામો હેનુ નાંન રાખવા ઇઆદગાર.
બોલાવીઆ સરવે જરથોસતીઓને ખરશેદવારી,
પછી શુબાની વખાંન ગાઇ આબરૂ આપી શારી.
ને પરતુ કીધુ લીશટ એ મીજલશની અંદર,
ને તરત ભરાએઆ રૂપીઆ ઓગનીશો ઊપર.*

* એ ફુનઢો શુબાની અતરે ઇઆદગારી રાખવાને શારૂ પાછલથી હેવો ઠરાવ કરવામો આવેઓ હતો કે એક બાએક જગા ઊપર બાગ બનાવી તેહનું નાંમ લખશમન બાગ કરી રાખવું.

પારશી ટોલાનુ શુબાએ માનીછે હેંશાંન,
એ ટોલાની શુબાએ ઘણી કીધી વખાંન.
પછી આપીઆં શરવેને પાંન ગોલાબ,
પછી મીજલશ બરખાશત થઇ શીતાબ.
શુબાનુ નામછે રાવબાહાદુર લખશમન જગનાથ
શચાઇના કાંમ ઊપર એ બહુ ભીરે છે બાથ.
ગામમાં એને પેહલી કીધી શુધરાઇ શારી,
લાલચુ અમલદારોને એને મેલીઆ કારી.
શરવેનો એકશરખો કરે છે ઇનશાપ,
પોતાની આગલ આવેલા કેશો ચુકવેછે શીતાબ.
પારશી રેહવાશીઓને એ આપેછે માન,
શરવે રઇએતો એની કરેછે વખાંન.
અગાઊ હતો એ ઇંગરેજી અમલદાર,
હાલ મલેછે એવનને એક હજારનો પગાર.

દુખમું બંધાવાની શરૂઆત.

નશરવાંનજી ચાંદાભાઇ છે દખમાંનો ઇજનેર,
એ ઇજનેર રેહેછે પોતે મુંબાઇ શેહેર.
થોડે થોડે દાહડે આવીને તપાશેછે કાંમ,
પોતાની મેહનતનું એવણે નહી લીધું દાંમ.
તાતાજી શાથે છે એવને મીતરાચારી,
તેથીજ એવન મેહનત કરેછે શારી.
તાતાજી ચલાવેછે એ દખમાંનુ કાંમ,
મુંબઇથી રેલવેમાં પથર લાવેછે તમાંમ.

એ પાએઆની જમીન હેવી નીકલી શકત,
કે વધુ ઊડાંન ખણવાની ન જણાઇ અગત.
પથરની ખરીથીજ તમાંમ પુરીઆ પાઓ,
એ પુરતાં શેઠને મોહટો ખરચ થાઓ.
ફુટ ફુટનો થર નાંખીને ચોબાવીઊ મજબુત,
પુરતુ પાંણી શીપવાનીબી નહી રાખીતી ખુત.
એ દખમાંનુ હવે કાંમ ચાલીઊ ધુમધોકાર,
કાંમદારોબી રાખીઆતા કંઇ બેશુમાર.
દખમાંનો પલાંન હેવો બનાંવેઓચ,
આએ નીચેનો માંપ મેં લખી જનાંવેઓચ.
બશો ને વીશ ફુટ છે દખમાંનો ગેરાવ,
બાશત ફુટ ને નવ ઇંચ છે ભંદારનો ફેરાવ.
અંદરથી છે શીતેર ફુટની પોહરાઇ ને લંબાઇ,
શાહરી પંદર ફુટની છે પાંએઆની ઊંડાઇ.
તેવીશ ફુટ ને છ ઇંચ છે શમચોરશ ભનદાર,
ચાર ફુટ ને તણ ઇંચછે પોહલો પાએઓ તઇયાર
હેવોછે માંપ તાતાજીનાં દખમાંનો તમાંમ,
ગાંમની વશતી પરમાંણે એટલું શારૂંછે કાંમ.
મુંબઇમાંહે જરથોશતી દીન તપાસનારી મંડલી,
નેમ છે ધરમને શુધારા ઊપર લાવવાની શગલી.
એ મંડલીને તાતાજીએ હેવી કરી હતી અરજ,
કે તકતીઓનાં લખાંણ કરવાની તમુને છે ફરજ.
એ શેઠીઆની અરજને મંડલીએ આપીઊ માંન,
ને તરણ ભાશામાં તકતીનું કરી આપીઊ લખાંન.
જંદ પેહલવી શાથ શંશકરીત લખી જુબાંન,
એ છે પાએઆમો નાંખેલી તકતીનુ લખાંન.

એ તકતી ઊપર એ લેખ કોતરાવેલોચ,
એક લેખ બારીનાં ઊંબર તરે મુકાવેલોચ.
ને બીજી તકતી નાંખીછે પાએઆની ઊપર,
શાથે નાંખેઆ છે જુદા જુદા શીકાઓ શુંદર.
તરાંબાનાં જાડાં પતરાંની તકતીઓ બનાંવીચ,
ઘણાં શુંદર અખશરોથી તે કોતરાવીચ.
એ લખાંણનો શાર હેવો છે એ તકતીમાં,
લખું છેઊ તેનો અરથ ચાલુ ગુજરાતીમાં.

દુખમાંના પાએઆમો નાંખેલી તખતીની નકલ.

"દાદાર હોરમજદનાં નામે કરી નવશારી શેહેરના રેહે વાશી એ૦ નોશેરવાંનજી રતનજી બીન દારાબજી તાતાએ આએ દાદગાએ (દખમું) કે જેનાં અંદર ગુજરેલાં માણશોને મુકવામાં આવેચ તે પોતાની પુજીમાંથી અને પોતાની કોશેશથી નવશારી શેહેરમાં બંધાવીઊ છે. તેના તાંનાની કીરીઆ શાશાનીઆંન તાખમના પાદશાહોના પાદશાહ એજદેજ ૨૬ શેહરીઆરનાં ૧૨૪૬માં વરશનાં શેહરેવર મહીનો ને બે રાંમરોજે થાઇ છે અને ઇશવી શને ૧૮૭૭ ના મારચ મહીનાની તારીખ ૮ મી અને વાર બરેશપતે થાઇછે."

ગાએકુવાર શીઆજીરાવ દખમુ જોવા આવેયા તેવીશે

જેમ જેમ દખમુ થતુ ગીઊ તઇઆર,
તેમ તેમ લોકો જોવા આવવા લાગુ બીશીઆર.

શીઆજીરાવ ગાએકુવારનો હાલ છે અમલ,
શર ટી માંધવરાવ હેનો દેવાંન છે અનમલ.

હુવા ખાવા બીજીવાર આવેઆ નવશારી,
એ રાજાને તાંહાંની હવા લાગેછે પેઆરી.

રાંણી જમનાંબાઇબી શાથે આવી હતી,
પોતાની છોકરી તારાબાઇને પણ લાવી હતી.

એ રાંણી છે ખંડેરાવ ગાએકુવારની,
એવણની મુશાફરી છે અતરે બીજીવારની.

બંધાતુ દખમુ જોવાને એક દન કીધો ઠરાવ
દખમાં આગલ કામ કરનાંરાઓનો કીધો અટકાવ.

ફરાંમજી હોરમજી ગજદર ઊપરીરહેઓ તઇઆર
ગાએકુવાર ને જમનાંબાઇ આવેઆ ઘોડેશવાર.

ને ફરીને જોઇઊ એ દખમું બનધાતું તમાંમ,
અચરત થઇને જોઇઊ એ મુશતકીમ કાંમ,

પા કલાકઓ જોઇને પાછાં થાએઆં શવાર,
ગાએકુવારે કંમરે બાંધેલી હતી તલવાર.

વલી મુંબાઇમાં છે શરજીઅન કુનાહ ડાકટર,
નવશારી આવેઓ તે દખમું જોવાને શર.

ને બારીકીથી જોઇ લીધું એ દખમાંનુ કાંમ,
જરથોશતની ફીલસુફીની કીધી વખાંન.

જરથોશતી ધરમનું એ ધરાવેછે ગણીઆન,
તેથી જરથોશતીઓને એ આપેછે માન.

દુખમું બંધાઈ તઈઆર થયું તથા તે ઈજાવાનો દીવશ તાતાજીએ નકી કીધો તે વીશે.

દશ મહીનામે દખમુ બંધાઇને થઊ તઇઆર,
હેવી ટુક મુદતમે કેહેબી નહી બંધાએલું ઇઆર.
દોહર માશ અગાઊથી તાતાજી શેઠ આવેઆ હતા,
પીતી શેઠને શગડી દેખાડવા લાવેઆ હતા.
જોઇઊ પીતીત શેઠે પોતાની શગડીનુ મકાંન,
કંટરાકટર કાવશજી ભેદવારની કીધી વખાંન.
નવશારીમાં એ શેઠ રહેઆ હતા દીન ચાર,
મુંબઇ જવા પાછા શેઠ થઆ તઇઆર.
કેદવેલે રોજે આવેઆ શેઠ મુંબઇ અંદર,
એવણનાં મીતરો લેવા ગીઆતા સટેશન ઊપર
દખમું ઇજાવવાનો તાતા શેઠે કીધો ઠરાવ,
મેલાવડાને માટે શાંમનનો પાછો કીધો જમાવ.
નકી કેડવીઓ એ કીરીઆનો મોબારક દંન,
શહેરેવર માંશમો કેડવીઊ બેરાંમરોજનુ જશન.*
બારશો શુરતાલીશ ઇજદેજરદી શને,
જશંન કરી બોલુ મુકવા હીપલે દીને.
શરૂ થઇ પાછી ખુશીની ગાંમમો દોર ધાંમ,
ખરશેદવારીઓ માંડવ બાંધવાનું ચાલીઊ કાંમ.

---

* એ દીને તાતાજીના બપાવા શેઠ દાદાભજીની બાજ હતી, પણ આ ચોપડીને શરૂ ૫)મેની નોટમાં જે એમ છપા સુંચ કે તે દાહડે બાજ હતી, તે દાહાડો ભુલથી લખાયલો સમજવો.

એ વારીમાં માંડવ હુવો મોહોટો બાધીઓ,
કે તરનશો પુટ ઊપર તે લમબાવીઓ.

મરદોને માંટે માંડવ હલાએદો નખાવેઓ,
કુતંબ સાથ આવનારાઓને સારૂ જુદો બનાવેઓ

તાંણા વખત કરતાં માંડવો બેવરો નાંખેઓ,
મુશાફરોને લાએકનો શરવે શરંજામ રાખેઓ.

તેલ, લાકડાં, શાદરી ને તીનપાતનો રાખેઓ શત,
કે માંડવમાંના મુશાફરો માંગે તેને આપે જત.

આઠ મોબેદોને પરથમ આપીઆં નાંહાંન,
એ ભલી કરીઆનુ હવેથી કીધુ મનદાંન.

આએ નીચેનાં મોબેદોના લખું છું નાંમ,
એ દખમુ ઇજનારા શાહુઓ હતા તમાંમ.

જામાશપજી શોરાબજી દશતુર મેરજીરાંણાં,
રૂશતમજી કેકોબાદજી દશતુર મેરજીરાણાં.

નવરોજી રતનજી કુતાર દારાબ પાલંનના,
જમશેદજી શોરાબજી ફરાંમજી મેરજીરાણાના.

ફરાંમજી કેકોબાદજી દશતુર મેરજીરાણાં,
નવરોજી જમશેદજી દશતુર જામાંશપઆશાના.

હોરમજી શોરાબજી કાવશજી મેરજીરાંણાના,
મોબેદ ખરશેદજી બેરાંમજી શઇઆરનાં.

તરણ હીંવોરા બનાવેઆ શંગેમરમરના શુંદર,
ને ગોઠવેઆ દખમાંના ભંડારની અંદર.

નવાં બનાવેઆ કુલે અશતામા તમાંમ,
ને તરણ જોરે કરવા ઠેડવીઊ એ કીરીઆનુ કાંમ.

એક માંશ અગાઊથી બાહેરનુ લોક જોવા આવે,
દખમાંની બાંધની જોઇને બહુ ખુશી બતાવે.

રોજ શાંજે દુખમાં આગલ લોકોનો મેલો ભરાએ
પર ગણીઆતના લોકોબી તાંહાં પુશકલ દેખાએ.
ગાંમમાંનો મોહટો ભાગ દર રોજ જોવાને જાએ,
ભાત પોત કરી લાવી તાંહાંજ બેશીને ખાએ.
દર રોજ ગાંમડેનું લોક આવા લાગુ બેશુમાર,
જરથોશતી ટોલાની ઊલટનો ન હતો પાર.
દરરોજ વધવા લાગી ભનડારમે પડત,
ઊપરીઓ શાંજે ઊતરીને કાહાડતા હતા તરત.
ભાડેના ઘેર લેવા અગાઊથી લોક શોધવાને ફરે,
ઓને માંગીઊ ભાડુ આપતાંબી શેહલથી ન જરે.
દશતુર દારાબજીએ દખમુ ઈજાવાની ખબર છપાવી
શરવે જરથોશતીઓને એથી ચેતવણી અપાવી.
દશતુરજી દારાબજીએ બીજું હેવું કીધુંછે કાંમ,
ગાંમે ગાંમનાં દશતુરો ઊપર કા૦ લખીઆં તમાંમ.
જશંનની કીરીઆમે શામેલ થવાનાં કરીઆં ઈજન
એ કીરીઆમે શામેલ થશોતો હમો થશુ મગન.
તાતાજી શેઠેબી જુદી જાહેર ખબરો છપાવી,
પોતાના મીતરોનેબી જુદી ખબરો પોચરાવી.

નવશારીની અનજુમને શેઠ તાતાજીને તથા પીટી શેઠને માંન આપવાનો કીધેલો ઠેઠાવ.

રોજ ૨૪ મો ને માહ અમરદાદ માશ,
બારશો ને શુરતાલીશ ઈઅજદેજરદી ખાશ.

ચાર વાગે અગીઆરીમાં અનજુમન બોલાવી,
બેઊ શેઠોને માંન આપવુ તેની તકરાર ચલાવી.
દેશાઇ બરજોરજી નવરોજીએ કીધુ ભાશાંન,
તાતાજીને આપણી અનજુમનથી આપવું માંન.
તેમાં એક શીઆલ ને બીજુ માંનપતર,
માંનપતરને શારૂ રૂપાંનો નલો બનાવીએ શુંદર.
દેશાઇ પેશતનજીખરશેદજીએ એ ઠરાવ કીધો પશાર,
જનરલ ફંડમાંથી શીઆલનો આપીઓ વીચાર.
કે નલો બનાવવા અનજુમનએ લીશટ ફેરવવું
ચાર આનાથી ઊપર તેમાં લોકોએ ભરવું.
દેશાઇજીના એ ઠરાવને અનજુમને કીધો પશાર,
મલેશરની અંજુમન રૂ૫૦ આપવા થઇ તઇઆર.
દેશાઇ બરજોરજીએ હુવો જણાવીઓ વીચાર,
પોતી શેઠને શીઆલ આપવા ઠરાવ કરવો પશાર.
જામાશપજી એદલજી પોરીઆ હુવુ બોલીઆ,
કે જનરલ ફંડમાંથીજ હેનાંબી ખરચવા રૂપીઆ.
બીજા મીજલશીઓએ હુવી કીધી ભાંજગર,
કે શેઠ દીનશાજી પીતીતને પણ આપવુ માનપતર.
એબી અનજુમને ખુશીથી પશાર કીધું કાંમ,
પછી પાંચ વાગે મીટીંગ બરખાશત થઇ તમાંમ.

મુંબઈનો નામદાર ગવરનર નવશારીનું દુખમુ જોવા આવેઓ તે વીશે.

હાલનોછે મુંબાઇનો ગવરનર શર રીચરડ ટેમપલ,
એ નામદાર છે ઘણો બાહોશ ને ચપલ.

ઈંગરેજી રાજમાં એ અમલદાર ગણાએછે બાહાદુર,
શકત રૂતુમાંબી મેહનત કરીઆમો ન રાખતો કશુર.

રાજ કરતાઓથી એ બહુ મેલવેછે માંન,
હીંદુશતાંનની પરજા હેુની બહુ કરેછે વખાંન.

પારશીઆ ઉપર એ ઘણો રાખેછે પીઆર,
દેશીઓમાં એ ટોલાને ગણેછે ઘણો વફાદાર.

એ નામદારને દખમું જોવાનુ થઇઉ મન,
તાતાજીએ એ નામદારને માનથી કરાવીઉ ઇજન*

એ નામદારને આવકાર દેવાની થઇ દોરધાંમ,
ગાંમમાંના શરવે રશતા શમારીઆ તમાંમ.

રશતા ઉપર તરેહ તરેહનો કીધો શીંગાર,
બેઉ બાજુએ વાવતાઓની બનાંવી હતી હાર.

ઇશતેશનથી તે થાંણા શુધી કરવા કેડવી લાઇત,
બેઉ બાજુએ ગલાશોની બનાવી હતી શાઇત.

એ રશતા ઉપર તરણ ભાગરો બનાવી હતી શુંદર,
જસે આવેઓ શર રીચરડ કરી લખીઉ એ ઉપર.

શેંકડો ગલાશો એ ઉપર ગોઠવેઆં હતાં,
રંગ બેરંગીન ફાંનશોબી મુકીઆં હતાં.

રશતાની બાજુમાં ગલાશો મુકીઆં સાત હજાર,
ગાંમમાની લાઇતનો બીજો ઘણો હતો શુમાર.

રશતા ઉપરની લાઇતો શરકારે કરાવી હતી,
ગાંમમાનાં શુબાએબી શારી ચોકશી રખાવીતી.

---

* શેઠ તાતાજીએ હાંનરેબલ શેઠ દોશાભાઇ ફરાંમજી કરાકા શી.એશ.આઇ.નો મારફતે એ નામદાર ગવરનરને નોતરૂં કરાવેઆથી એ નામદારે ખુશીથી આવવાને કબુલ રાખેઉ હતું.

ગાંમે ગાંમથી બોલાવીઆ હતા શરવે શીપાઈ,
ઠાંમે ઠાંમ ચોકશી રખાવી હતી બીશીઆર.

રાત અને દીન આખા ગાંમમાં શવારો ફરે,
હુશીઆરીથી ગાંમની શરવે ચોકશીઓ કરે.

ગવરનરને ઊતારવા કેડવી દશતુરજીની વારી,
તંબુ મારી માંડવ બાંધીને તેને શીંગારી શારી.

તાતાજી શેઠને અશતક ઊતરવા થઓ હતો કબુલ,
એની પરાંણાગતનો શેઠે ખરચ કીધો કુલ.

જીવનજી હોરમજી નાંમે ગણાએ છે તરીચર,
ગવરનરનું ખાંણું બનાવા હેને કીધો મેનીજર.

એ હોટેલવાલો પોતાનાં માંણશો શાથે આવેઓ,
ઘણું શરશ ફરનીચરબી પોતે શાથે લાવેઓ.

રોજ પંદરમો ને માહા શહરેવર માશ,
બારશો શુરતાલીશ એજદેજરદી ખાશ.

ઊપલે દને કેડવીઊએ નામદારે નવશારી જવા,
રાતે ઇશપીશીઆલ રેલવેએ જણાંવીઊ આવવા.

શવારના છ વાગે આવી લાગા એ નામદાર,*
શેઠ ડોશાભાઇ ને તાતાજીએ દીધો આવકાર.

---

* એ નામદારનાં રશાલા શાથે તેના શાથીઓમાં તેને શશરો મી૦ લીંડસે તે લાહોરનો જડજ, તથા ભાજો તેને એડીકાંપ કપતાંન ફરીથ તથા માલીટરી શેકરેટરી કપતાંન રીવેટ કરનાંક તથા ખાંનગી શેકરેટરી મી૦ હારટ અને ડાક્ટર વાકર તથા ખીદમતગારો તથા ખતલેરો હતા.

એણી શેઠીઆઓ શાથે પેહલી શેકીન્ કીધી,
બીજા શેઠીઆઓનીબી શાથે મોલાકાત લીધી.*

ડોશાભાઈએ દશતુર દારાબજીની મોલાકાત કરાવી
એ દશતુરજીની મોલાકાતથી એને ખુશી બતાવી.

લોકોએ હુર્રેનો ઊઠાવેઓ હતો પોકાર,
તાતાજીની ગારી ઊપર પછી થાઓ શવાર.

તાંહાંથી ચાલેઓ દશતુરજીની વારી તરફ,
ઘોડાઓની દોરવાની વધવા લાગી જરફ.

એ નાંમદારને જોવા લોકો ઊભું હતુ તઈઆર,
નાંમદારની ગારી પુઠે પચીશ દોડતા હતા શવાર.

ઊતારાની જગો ઊપર આવી લાગો નાંમદાર,
ચાહ પાંનીનો નાંશતો લઈ પાછો થઓ તઈઆર

દુખમુ જોવા તાતાજીના ઘોડા ઊપર થઓ શવાર,
દુખમાં પાસ શરવે શેઠીઆવો રહેઆ તઈઆર.

આઠ વાગે આવી લાગો દખમાં આગલ ગવરનર,
હુર્રેના પોકારથી શરવે જણે નમાંવીઊ શર.

દુખમાંની શીરી પર ચરતાં નજર પરી ઊપર,
તે તખતી વાંચીને પછી ગીઓ દુખમાં અંદર.

તકતી વાંચતા ફ્રાટોગરાફ લીધો પીકેનો,
એ આઓ હતો ફ્રાટોગરાફ ઘણો મજેનો.

---

* એ નામદારને માંન આપવાને શારૂં નવશારીની અનજુમન શાથે બીજા શેઠીઆઓમાં શેઠ બેરાંમજી જીજીભાઇ શી. એશ. આઇ, અને શેઠ દીનશાજી માંણેકજી પીટી તથા શેઠ ડોશાભાઇ ફરાંમજી કરાકા શી. એશ. આઇ. શેઠ ખરશેદજી રૂશતમજી કાંમાજી દશતુરજી શાહેબ હોશંગજી જામાશપજી જામાશપ આશાના અને નવશારીના શુબા રાવ બાહાદુર લખશમણરાવ જગનનાથ તથા તેવણની સાથે ઘણાંએક શરકારી અમલદારો આવીઆ હતા.

દશતુર હોશંગજી જામાશપજીએ શરવે દેખારીઊ,
દુખમાંની ખુબીનું બાંધકાંમ શમજાવીઊ.*

એ શરવે બતાવતાં અરધો કલાક થએઓ,
પોનાં નવ વાગે જોઈને પાછો બાહર આવેઓ.

બાહર નીકલતાં બીજો લીધો ફોટોગરાફ,
લેનારની કશુરથી તે નહી આએઓ શાફ.

હયાંથી ચાલીને આવેઓ શગડીની અંદર,
ને જોઇ લીધું એ શગડીનુ બાંધકાંમ શુંદર.

તાંહાંથી જુનાં દખમાં જોવા તે તરફ ગઓ,
એ દખમાંનો હેવાલ દ૦ હોશંગજીને પુછેઓ.

પછી તેવણે દરએક દખમાંનો હેવાલ શમજાવેઓ.
બાંધનારાઓના નાંમ શાથે શને કહી બતાવેઓ,

બીજી હેવી કીધી એ નાંમદારે પુછપરછ,
કે હયાં પારશીઓને વશેઆને કેટલાં થઆં વરશ.

નવશારીથી શણજાન કેટલું છે દૂર,
દશતુર ખોરશેદજી આશાએ દીધો જવાબ પુર.†

એક કલાક શુધી જોઇને પછી થઓ તઇઆર,
હુરરેના પોકાર શાથે ઘોડા ઊપર થઓ શવાર.

મોહટાં માનથી એ નામદારને વદીઆ કીધો,
પોતાનાં મુકાંમ ઊપર જવા પાછો રશતો લીધો.

---

*એ દુખમુ બતાવતી વેલાએ એ નામદાર ગવરનરને શેઠ તાતાજીએ પોતાને હાથે એ દુખમાનો એક નકશો ભેટ આપેઓ કે જે નકશો મુંબઇના જાણીતા બે પારશી ઇજનેરો શેઠ નશરવાંનજી ચાંદાભાઇ, અને શેઠ બેજનજી મનચેરજીએ બનાવેલો હતો, તે જોઇને એ નામદારે તે ભેટ ખુશી શાથે કબુલ રાખતાં તેના બનાવનારાઓની તારીફ કરી હતી.

†નવશારીમાં જરથોશતીઓની વશતી ઇશવી શને ૧૧૪૨માં પેહલ પેહલી થઇ હતી, તે હીશાબે અતેઆર લગી ૭૩૬) વરશ થઆં, હેવો જવાબ એ નામદાર ગવરનરને નશારીના એક દશતુર ખુરશેદજી જમશેદજી જામાશપ આશાનાએ આપેઓ હતો.

દશ વાગે એ નામદારે એઠ ભરી દરબાર,
ગાંમના આગેવાંનો તાંહાં રહેઆ તઈઆર.

શેઠ ડોશાભાઈએ શરવે શાથ મોલાકાત કરાવી,
દશતુર દારાબજીને નોતાંવાર ખુશી બતાવી.

ડોશાભાઈની મારફતે એવણ શાથ વાતચીત કીધી,
એ નાંમદારે થોડીએક શારી ભલાંમણ દીધી.

કે તમો ગણાઓછ હીંદુસથાંનનાં દશતુરમો વડા,
તમારા હોધાની રૂએ શરવે ફરજ કરજો અદા.

તમારા વડાઓના પગલાં ઊપર ચાલજો,
આએ માહરા શરવે શખુંનો તમો પાલજો.

પછી શેઠીઆઓની ડોશાભાઈએ મોલાકાત કરાવી,
એ શાહેબોની ઓલખાંન એ નામદારને જણાંવી.

શરવે શાથ હશતે મોહડે એ નામદારે શેકીન કીધી,
શરવે જણે નમીને પછી વીદીઆગીરી લીધી.
એ નામદારને એક માંનપતર આપા કીધુ તઈઆર,
એ માંનપતરમો શુનેરી ફલાવરનો કીધો શીંગાર.
મોરાકા લેધર ઊપર શુંદર પરાવેઓ ચીતાર,
માંનપતર એથી બહુ દીપતુ હતુ ભપકાદાર.

તાતાજીએ રૂપાંનો નલો તઈઆર કરાવેઓ,
એ ઊપર ઘણો શુંદર ચીતાર કોતરાવેઓ.

બે વાગે શરવે અનજુમન એખટું થાઈઊ,
શાહડા તરણ વાગે એ નામદારનાં પાસ આવેઊ.

ચાર વાગે મીજલશમે બીરાજીઓ ગવરનર,
મીજલશે હુરરેનાં પોકાર કરવાથી નમાંવીઊ શર,

ફરદુનજી માંણેકજી કાંગાએ વાંચીઊ માંનપતર, *
નામદારે પારશીઓવીશ ભાશાનથી દીધો ઊતર. †

---

* જુઓ હેની નકલ પાછલા ભાગમાં ના૦ ૩
† જુઓ હેની નકલ પાછલા ભાગમાં ના૦ ૪

ઈરાંની પાદશાહોની બાહાદુરી કહી શમજાવી હતી
તવારીખની શાધકો તાંકી ને બતાવી હતી.
પછી ખેતીવારી કરવાની ઊતમ ખુબી શમજાવી,
જરથોશતીધરમમાંથી હેનુ પ્રરમાંન તાંકી બતાવી.
એ ધરમનાં કંઈએક દાખલા કહી શમજાવેઆ,
વંદીદાદની તરીજી પરગરદનાં દાખલા બતાવીઆ.
ખેતી કરીઆથીજ દુનીઆ થાએછે આબાદાંન,
હેવું ઊતમછે જરથોશતી ધરમનુ પ્રરમાંન.
પછી દશતુર દારાબજીએ ઊપકારથી પેરાવેઓ હાર
હુરરેનો મીજલશ હીઆં ઊઠાવેઓ પોકાર.
દશતુરજી હાર પેહરાવતાં એવું બોલીઆ,
કે જરથોશતીઓ પર"તુમને બોત હેશાંન કીઆ".
નામદારનાં શાથીઓનેબી એવણે પેહરાવેઓ,
નમીને તેઓએબી ઊપકાર જણાવેઓ.
હવે થઊ એ રાખશી શબાનુ કાંમ શમાપત,
હુરરેના પોકાર કરી શરવે લોક વીખરાઈ ઊજત.
લોકો હતુ એ મીજલશમો આશરે બે હજાર,
પારશીઓનોજ હતો હેમાં મોહટો શુમાર.
પાંચ વાગે ગાંમમાં પ્રરવા નીકલીઓ ગવરનર,
પેહલે ગીઓ થાંણામે કચેરીની બેઠક અંદર.
શુબા શાથ વાત ચીત કરીને લીધો પાંન ગુલાબ,
તાંહાંથી નીકલેઓ જલાલપુર જવા શીતાબ.
તાંહાં જઈને થોડીએક તેણે તપાશ કરી,
પછી ગાંમમો આવવા તાંહાંથી ગારી પ્રરી.
નાંમદારને જોવા રશતાપર લોક હતુ તઈઆર,
એ રશતા ઊપરની ગીરદીનો નહી હતો શુમાર.

પારશીઓ હુરરે કરી આપતા હતા માંન,
હીંદુઓ તો વાંકા વલી કરતા હતા શલાંમ.
શાંજે ગીઓ લાઇટ જોતો જોતો પોતાને મુકાંમ,
નાંમદારના ઊતારાનો મુકાંમ શીંગારેઓ તમાંમ
દશતુરજીની વારીની લાઇટનો લખુછું હેવાલ,
વાંચનાર શાહુઓ શમજીને થશે ખુશાલ.
બે હજાર ગલાશનો હયાં કીધો શીંગાર,
જાહાડો ઊપર તાંગીઆં ચીનાઇ ફાંણશ બેશુમાર.
દરવાજા બાહારબી ઘણી કરી હતી લાઇટ,
બાજુએ બનાંવી હતી ચીનાઇ ફાંનશોની શાઇટ.
બંગલો શીંગારેઓ હતો બહુ ભપકાદાર,
તરેહ તરેહની લાઇટોનો કીધો હતો શીંગાર.
રંગ બેરંગીન ફાંનશોબી ઘણાં શલગાવીઆ
ભલે આવેઓ શર રીચરડ કરી નાંમો લખાવીઆં.
તરેહ તરેહનાં વાવતાઓબી તાંગીઆ બેશુમાર,
તાતાજીનાં ખરચનો હઇઆં નહી હતો પાર.
એ લાઇટથી એ જગોનો પુર ખીલીઓ દેખાવ,
શેંકડો માંણશો જોવાને શારૂ કરે આવજાવ.
નવ વાગે ખાંણુ ખાઇને તઇઆર થઓ નાંમદાર,
રેલવે ઊપર જવાને ગારીમાં થઓ શવાર.
દશ વાગે દશતુરજીના મોહલા તરફ આવી લાગો.
હુરરેનો પોકાર હીઆં પારશીઓનો જાગો.
તરતા તરફબી પારશીઓ હતા તઇઆર,
તાંહાં આવી લાગાથી હુરરેનો કીધો પોકાર.
પોતાની તોપી ઊતારીને કરતો હતો શલાંમ,
એ નાંમદારને પારશીઓએ શારૂં આપીઊ માંન.

નાંમદારની છેલી મોલાકાતે શેઠીઆઓ ગયા હતા,
અગાઊથી ઇશટેશન ઊપર તઇઆર રહેઆ હતા.

ઇશટેશનબી શીંગારીઊ હતું બહુ શુંદર,
શેંકડો ગલાશોની લાઇટ કીધી હતી એ ઊપર.

ફુલ અને તોરનનોબી કીધો હતો શીંગાર,
વાવતાઓબી ટાંગીઆ હતા કંઇ બેશુમાર.

વખતશર હયાં આવેઓ નામદાર ગવરનર,
હુરરેનાં પોકાર થવાથી નાંમદારે નમાંવીઊ શર.

શરવે શેઠીઆઓની છેલી મોલાકાત લીધી,
મેલ તરેનમાંજ એને વદીઆગીરી લીધી.

ચાલતી ગારીએ લોકોએ હુરેનો કીધો પોકાર,
કોઇ દીન હેવો દીવશ અતરેં ન ગુજરશે ઇઆર.

તાતાજી શેઠને એ નામદારે બહુ આપીઊ માંન,
એ શેઠની લાએકીની ઘટતી કીધી વખાંન.

એ નાંમદારની હતી એ ખાંનગી મુશાફરી,
તેથીજ આવકાર દેવાની! શરકારેતઇઆરી ન કરી,

નવશારી ગાંમ ગણાઇઊ ભાએગશાલી,
આખી પારશી કોમમાં ઊપજી રહી હતી ખુશાલી.

તાતાજી શેઠે કાહડીઆ રૂપીઆ એક હજાર,
ગવરનરનું નાંમ નવશારીમાં રાખવા ઇઆદગાર.

તાંહાંની ઇશકુલનાં છોકરાઓને આપવા ઇનાંમ,
એ ઇશકુલનાં ટરશટીઓને શવાધીન કીધા તમાંમ.

કે દર વરશ હેનુ વેઆજ વાપરવું,
હેનું હલાએદું ખાતું પારી રાખવું.

આગલબી એ ઇશકુલને મદદ કીધી હતી શારી,
એ શખાવતની શરવેને ખુશી ઊપજી ભારી.

શેઠ દીનશાજી માંણેકજી પીટીએ નવશારીમાં બંધાવેલી નવી શગડી ઈજાવાની કીરીઆ.

શેઠ દીનશાજી પીટીની શગડી થઇ તઇઆર,
જશન કરી ખોલી મુકવાનો કીધો વીચાર.
શેઠ દીનશાજી પીટીને લેવા ગઈતી અનજુમન,
એ માનથી શેઠ દીનશાજી થાએઆ મગન.
શરગશના આકારમાં એ શેઠને લાવેઆ હતા.
શેઠનાં ઊતારા શુધી પોંહચારીને આવેઆ હતા.
ઠેડવીઓ રોજ શરોશ ને શહરેવર માશ,
બારશો શુરતાલીશ એજદેજરદી ખાશ.
ઊપલા દીવશે નવ વાગે કરવા ઠેડવીઊ જશન,
શરવે જરથોશતીઓને કરીઆં ઇજન.
દશતુર રૂશતમજી કેકોબાદજી જશન માંડનાર,
ફેરશાશજી કાવશજી મોદી આતરોખશી કરનાર.
આઠ વાગેથી લોકોનો થવા લાગો જમાવ,
દશ વાગેતો બે હજાર માંણશોનો દીશતો દેખાવ.
એ મીજલશમાં શેઠીઆઓ શાંમેલ થઆ હતા,
દશતુર જામાશપજી મીનોચેરજીબી આવેઆહતા.
એવણ શાથે ખરશેદજી બેજનજી કદમી દશતુર,
શાથે દ૦ હોશંગજી જામાશપજી ખાંનબાહાદુર.
એ વતરોગે બીજા ઘણાંએક હતા દેશાઇ—દશતુર,
એ રાખશી મીજલશનો દમાંમ મારતો હતો પુર.
એ મીજલશમો બીરાજીઆ હતા છશો મોબેદો,
એ વતરોગે બીજા ઘણાંએક હતા એરવદો.

શવા કલાકમાં દશતુરજીએ પુરી કીધી કીરીઆ,
પછી પીટી શેઠ શગદીનો હેવાલ વાંચવા ઊઠીઆ.

શેઠ દીનશાજીએ ગંભીરાઇથી વાંચીઓ હેવાલ, *
એ હેવાલ શમજીને શરવે મીજલશ થઇ ખુશાલ.

કાહાડીઆ હેની મરાંમતને શારૂ ૨૦ તરણ હજાર,
શાથે ચરાગ, આતશ રોશન રાખવા ઇઆદગાર.

પોતાના માતાજી હમાબાઇને નાંમે એ બનધાવી,
બીજી કેટલીએક શરતો શેઠે વાંચી શમજાવી.

હ્યાંની અનજુમનને શગડી શવાધીન કીધી,
એ ઊપરની પોતાની માલેકી ઊઠાવી લીધી.

શેઠ દીનશાજી એ હેવાલ વાંચી રહેઆ તમાંમ,
તાલી પેરંને અનજુમને આપીઊ હતુ માંન.

ફીરોજી હોશંગજી દશતુરે વાંચીઊ માંનપત્તર, †
પીતી શેઠનાં ભલાં કાંમની વખાંન કીધી અંદર.

દશતુર જામાશપજી મીનોચેરજીએ કીધુ ભાશાન.
ભલાં કાંમો કરવાની ધરમની બતાવી નીશાન,

બીજી ઘણી નશીએતો કહી શમજાવી હતી,
ધરમનાં પુશતકોથી કહી બતાવી હતી.

અરધો કલાક શુધી દશતુરજીએ કીધુ ભાશાન,
બેશતી વખતે તાલી પેરીને આપીઊ માંન.

વડા દશતુરે પીતીને અંજુમંની શીઆલ હોધારી
અનજુમને તાલી પેરીને ખુશાલી બતાવી.

---

* જુઓ એની નકલ પાછલા ભાગમાં નાο ૫.

† જુઓ એની નકલ પાછલા ભાગમાં નાο ૬.

બીજી જુદી જુદી થઇ હતી એ શેઠને પાંચ શીઆલ
એ પુરતાં માનથી શેઠ દીનશાજી હતા ખુશાલ *

શેઠે દશતુરજી તથા કંટરાકટરને શીઆલ હોધારી
તાલી પેરીને અનજુમને વલી ખુશાલી બતાવી.

પછી શેઠે આશીરવાદ વેંહચી દશતુર મોબેદોને,
બીજી આપી હતી આશીરવાદ ઘણાંએક ગરીબોને.

શરવે શેઠીઆઓએ પછી ચાશની કીધી,
શરવે મીજલશે પછી વદીઆગીરી લીધી.

શેઠ દીનશાજીએ એ ભલુ કીધું છે કાંમ,
જાવેદાંન શુધી અતરે શેઠનું રેહશે નાંમ.

એ શગદી ઊપર ખરચીઆ લગભગ દશ હજાર.
એટલો બાંધકાંમનો આવેઓછે શુમાર.

પરથમ બે મોબેદોએ શગડીમાં બાજ ધરી હતી,
દશ વાગામાં તેવોએ કીરીઆ પુરી કરી હતી.

આદરજી ફેરશાશજી કોટવાલ બાજ ધરનાર,
રૂશતમજી આદરજી મેરજીરાણાં બીજો ઇજનાર.

તેંતાલીશ ફુત છે શગદીની લંબાઇ,
એકાવણ ફુટ પોહલાઇ શાથે પંદર ફુત ઊંચાઇ.

---

* શેઠ દીનશાજી માંણેકજી પાટીને ભેટ મલેલી શીઆલની વીગત. નવશારીના શમશતે અનજુમન તરફથી, શેઠ બેરાંમજી જીજીભાઇ શી. એસ. આઇ. એ, શેઠ નશરવાંનજી રતનજી તાતાએ, શેઠ નશરવાંનજી માંણેકજી પાટીએ, શેઠ હોરમજી નવરોજી શખલાતવાલાએ.

શેઠ દીનશાહજી માંણેકજી પીટીટે શ્રી નવશારીમાં બંધાવેલી શગડી ઊપર મારેલી તકતી.

પાક દાદાર હોરમજદની મદદ.

"આએ શગડી શેઠ દીનશાહ માંણેકજી પીટીતે પોતાના બેહસતનશીન માતાજી હુમાબાઈ તે જીજીભાઈ મુગાનાનાં પુનને શારૂ બંધાવી જરથોશતી અનજુમનને વાપરવાને આપીછે રોજ ૧૭મો શરોશ ઈજદ માહા ૬ ઠો શરેવર અમશાશપંદ શેહનશાહી તથા માહા ૭ મો મેહર ઈજદ કદમી શને ૧૨૪૭ ઈઅજદેજરદી—શવંત ૧૯૩૪નાં ફાગણ શુદ ૧ને વાર સોમે, તારીખ ૫મી મારચ શને ૧૮૭૮ ઈશવી."

દુખમું ઈજાવાનો દીવશ—તેની કીરીઆ—અને તેને માટે લોકોના થએલા મેલાવરાનો હેવાલ

હવે દખમુ ઈજાવાના દીવશનો લખુંછું હેવાલ,
વાંચનાર તે વાંચીને થશે બહુ ખુશાલ.
દખમાંની આશપાશ ઘણી રખાવી હતી શંભાલ,
કે એ કીરીઆની હરખત ન કરે કોઈ ચંદાલ.
મુંબઈથી આવા એક ઈશપીશીઆલ ભરપુર,
આવજાવના ભાડાંનુ રૂ૦ તરણનું હતુ નુર.
એ શશતાં ભારાંથી લોક આવી બેશુમાર,
કે જેની ગણતરીનો નહી આવેઓ પાર.

શુરત અને વલશારથી શહવારે જુદી મુકી હતી,
જશનની કીરીઆ અગાઊ તે આવી પુગી હતી.
ગારીમાંના એ લોકો આવીઆથી થઇ દોરધાંમ,
શરવે ઊતારાના મકાંન ભરાઇ ગીયાં તમાંમ.
નવશારી ગાંમનો તો કંઇ અજબ થઓ દેખાવ,
રશતા ઊપર હજારો માંણશોનો થઓ આવજાવ.
ઘેરેઘેર લોકોનો ઊતરેઆ હતો મોહતો ભાગ,
તમાંમ ભરાઇ ગીઆં હતાં શું વારી કે બાગ.
મુંબઇની ગારીમાં આશરે લોક આઇઊ ૪ હજાર,
વલશાર, શુરતની ગારીમાં લોક આઊ બે હજાર.
લોકો કરવા લાગુ બહુ મઝ્ઝા અને શેહલ,
કંઇ હજારો રૂપીઆની થઇતી ઊઠલ પાથલ.
ખરશેદવારીમાં તો લોકો ઊભાઇ જાએ,
રાત અને દીન એક શરખોજ ગણાએ.
સાહવારથી દખમાં આગલ લોક ચાલવા લાગું.
આઠ વાગામાં તો લોકો હજારો દીશવા લાગું.
શાડાડા આઠ વાગે ચાલુ થઇ જશનની કીરીઆ,
નાંમીયા શેઠીઆઓબી તેમાં ઘણાંબીરાજીઆ.
દશતુર રશતમજી કેકોબાદજી જશન માંડનાર,
નવરોજી રતનજી કુતાર આતરોખશી કરનાર,
પરગાંમના દશતુરોબી આવેલા ઘણા જણાયા,
દશતુરજીના જશનને તેઓ માંન આપીને આયા
ગાંમના બીજા બીરાજીઆ દેશાઇ દશતુર,
એ ભારી મીજલશનો દબદબો મારતો હતો પુર.
ઘણાંએક મોબેદોની તો થઇ હતી હાર,
એ શાહુબોની ગણતરીનો શેંકડોનો શુમાર.

એ ભારી મેલાવડાનો કંઈ અજબ હતો દમાંમ,
એ કીરીઆનો રાખશી માંદવ ભરાઓ તમાંમ.
શેંકડો જણ બાંકપર ઊભા રહી કીરીઆ જોતા,
ઘણાંએક જણ તો કીરીઆ જોવા ફાંફાં મારતા.
વચમાં ઊભેલાઓ તો આચકા ઊચકી ખાએ.
નબલાં માંણશો વચમાં ચમપાઈ બહુ જાએ.
શેઠીઆઓની ખુરશી શુધી થઈ હતી ભીર,
લોકો કીરીઆ જોવાની બહુ કરતા હતા હુબીર.
તાતાજી શેઠે હીઆં બણી રખાવી હતી ચોકશી,
તેથી લોકોને ઇજા નહી થઈ હતી કશી,
જેવી થઈ રહી જશનની પવીતર કીરીઆ,
તેવાજ તાતાજી શેઠ ખુરશી ઊપરથી ઊઠીઆ.
ને દૃખમું બનધાવીઊ તેનો વાંચેઓ હેવાલ, *
એ હેવાલ શમજીને લોક થાઈઊ ખુશાલ.
પછી એ દૃખમું અનજુમનને કીધુ શવાધીન,
એને લગતી પાંચ વીંગાની આપી જમીન.
ને બીજો કેટલોક બંદોબશ્ત કીધો,
દુખમાં ઊપરનો પોતાનો હક છોરી દીધો.
પોતાના માતાજી કુંવરબાઈને નાંમે કીધો શવાબ,
પછી દશતુર દારાબજીએ હેનો આપીઓ જવાબ.
તાતાજી શેઠનાં એ ભલાં કાંમની કીધી વખાંણ,
ને આપીઊ પોતાની તરફથી એ શેઠને માન †
પછી એવણેજ વાંચીઊ અનજુમનનું માંનપતર, ‡
એ માનપતરમાં લખીઆ શુનેરી અખશર.

---

* જુઓ હેનો નકલ પાછલા ભાગમાં નાં૦ ૭
† જુઓ એ ભાશણની નકલ પાછલા ભાગમાં નાં૦ ૮
‡ જુઓ હેની નકલ પાછલા ભાગમાં નાં૦ ૯

એ માંન પતરનો રૂપાંનો નલો બનાવેઓ,
તાતાજીનાં ભલાં કાંમનો ઊપર લેખ કોતરાવેઓ.

બનાવેઓ હતો એ નલો બહુ શુંદર,
બીજા ચીતારોથી કોતરાવેઆ હતા એ ઊપર.

એ માનપતર વાંચી રહેઆ દશતુરજી તમાંમ,
અનજુમને તાલી પોરી આપીને હતુ માંન.

શેઠને વડા દશતુરે અનજુમનની શીઆલ હોધારી,
એ શીઆલ કીમતમાં ગણાતી હતી શારી,

ને બીજી હોધારી દશતુરજીએ પોતાની તરફથી,
પછી તાતાજીનાં મીતરોએ હોધારી જરફથી.

શેઠ નશરવાંનજી રતનજી તાતાને ભેટ મલેલી શીઆલની વીગત.

નવશારીની શમશતે અનજુમન તરફથી.
શુરતની ભગર સાથની અનજુમન તરફથી.
દશતુર શાહેબ દારાબજી માહીઆરજીએ.
ખાંનબાહાદુર દશતુર શાહેબ નશરવાંનજી જામાશપજી પુણેવાલાએ.
દશતુર જમશેદજી રતનજી કુતાર દારાબ પાલનનાએ.
શેઠ બેરાંમજી જીજીભાઇ શી. એ. આઇ. એ.
શેઠ દીનશાજી માંણેકજી પીટીએ.
શેઠ હોરમજી નવરોજી શકલાતવાલાએ.

દશતુર જમશેદજી નશરવાંનજી મેરજીરાંણાના છોકરાઓએ

દશતુર દારાબજી ખરશેદજી દારાબ પાલનનાં શુરત વાલાએ—શુરતથી મોકલાવી.

દેશાઇજી ડોશાભાઇ બમનજીએ.

શેઠ ફરાંમજી ફકીરજી તમોલીએ.

મોબેદ માંણેકજી ખરશેદજી ગારાએ.

શેઠ માંણેકજી નશરવાંનજી પાહાદશાએ.

શેઠ નાનાભાઇ હોરમજી ગનદરે.

શેઠ બરજોરજી ખરશેદજી અવાશીઆએ.

શેઠ કાવશજી માંણેકજી તાતાએ.

શેઠ જામાશપજી કાવશજી પાહાદશાએ.

દશતુર સોરાબજી કાવશજી મેરજીરાંણાએ.

મારવારી શેઠ નથુરામ જોરાવરમલે.

બધી મલીને તાતાજીને વીશ થઇ શીઆલ,
એ પુરતાં માંનથી તાતાજી શેઠ હતા બહુ ખુશાલ.

શેઠ નશરવાંનજી રતનજી તાતાએ ભેટ આપેલી શોઆલની વીગત.

દશતુર શાહેબ દારાબજી માહીઆરજીને.

ખાંન બાહાદુર દશતુર શાહેબ નશરવાંનજી જામાશપજી પુણેવાલાને.

દશતુર શાહેબ જામાશપજી મીનોચેરજી જામાશપઆશાંને

દશતુર શાહેબ દારાબજી ખરશેદજી દારાબ પાલણના શુરતનાને—એવણની ગેરહાજરામાં શુરત મોકલાવી હતી.

દશતુર શાહેબ રૂશતમજી જમશેદજી શુરતવાલાને
દશતુર શાહેબ ખરશેદજી બેજનજી-મુંબઇના ફરાંમજી
કાવશજીનાં આતશબેરાંમ વાલાને.
દશતુર શાહેબ રૂશતમજી ફેરોઝાબાદજી મેરજી રાંણાને.
દશતુર જમશેદજી રતનજી કુતારને.
,, રૂશતમજી મોબેદજી તે શુરતનાં કદમી દશતુરજીને
ખાંન બાહાદુર પરોશ્શર દશતુર હોશંગજી જામાશપજી
પુણે વાલાને.
દશતુર શાહેબ શાપુરજી હોરાબજી મેરજીરાંણાને.
દશતુર શાહેબ રૂશતમજી દારાબજી-ઊદવારેના દશતુ
રના કાકાને.
૬૦ ફરાંમજી ફીરોઝજી, વલશારવાલા દશતુરનાં ફોકરાને
દશતુર માંણેકજી જમશેદજી મેરજીરાણાવાલાને.
દશતુર હોરમજી શોરાબજી કાવશજી મેરજીરાણાવાલાને
દશતુર રૂશતમજી જામાશપજી મેરજીરાણાવાલાને.
દેશાઇજી બરજોરજી નવરોજીને.
દેશાઇજી બમનજી દારાબજી પારીઆને.
દેશાઇજી જમશેદજી ટેમુલજીને.
દેશાઇજી ડોશાભાઇ બમનજીને.
દેશાઇજી બરજોરજી પાલણજીને.
શેઠ નશરવાંનજી ચાંદાભાઇ ઇજનેરને.
શેઠ બેજનજી મનચેરજી પટેલ—ઇજનેરને.
શેઠ ફરાંમજી હોરમજી ગનદરને.
શેઠ શોરાબજી બેરાંમજી લશકરીને.
શેઠ ફરાંમજી રૂશતમજી બારીઆને.
શેઠ માંણેકજી બેરાંમજી આંતીઆને.
શેઠ હોરમજી ધનજીભાઇ વાછાને.
મીઆં ઘોડી મીશતરીને.

પછી ગીજબશમાંથી શરવે ઊચકી ફરત,
ઊચકી લઇ જતાં તે ઊપર પરવા લાગી ભુત.
શરવે શાહુબોને પછી ચાશની કરાવી,
ફીરીઆ પુરી થઇ તેથી શરવેએ ખુશી બતાવી.
હવે એ રાખશી ગીજલશ થઇ બરખાશ,
લોકો હવે ચાલવા લાગુ દુખમાંની શીરી પાશ.
દુખમાં ઊપર ચહડવાની છે બાવીશ પગતી,
હેવી નીચીછે કે ચરતાં ન પરે શકતી.
દુખમુ જોવા શીરી ઊપર ભારી ભીર થાએ,
નબલાં માંણશો તો બહુ ચમપાઇ જાએ.
ઘણાંએક લોકો તો શીરી ઊપરથી પરે,
નાધલાં બાલકો તો ચીશ પારી રરે.
લોકોનાં દરીઆનાં જેવા મોજાઓ મારે,
અટકાવ કરવાની લોકો બુમો પારે.
શાંજ શુધી લોકોની હેવીજ ભીર થાહતી,
તેર હજાર માંણશોની ગણતરી ગણાહતી. *
એકશોને પનચાણુ છે એ દુખમાની પાવી.
નાંધલી મોહટી હાર તરણ પાંશતની બનાંવી.
દુખમું જોઇને લોકો હવે પાછું ફરવા લાગું,
ખાવા પીવાની મોજમાં શઊ પરવા લાગું.

---

* દુખમું ઇજાવાની દીન ૧૫ અગાઉ, તેમજ દુખમું ઇજાયું તે દીનથી ૧૫ દીવશ શુધી એક માશમો રેલવેની મારફતે ૨૩ હજારથી ઉપર લોક આવેલ હતું, તે વતરોગે ગર ગાંમડેનુ બીજું લોક બેલની ગારીમાં આવેલું જુદું તે મલીને કુલે ૩૦૦૦૦ હજારની ઉપર જરથોશતીઓ એ દુખમું જોઇ ગયા હતા.

દુખમાં આગલબી બનાંવીઊ હતુ બજાર,
શરવે ખોરાકની ચીજો વેચાતી હતી તઈઆર.
લોકો ગારીમાંબી આવીઊ હતુ કંઈ બેશુમાર,
દુખમાંથી તે ખરશેદવારી શુધીની ચાલે હાર.
દુખમાં આગલ લોકોનો ભારી થઓ દેખાવ,
શાંજ શુધી હજારો માંણશોનો થઓ આવજાવ.
એ મુબારક દીવશે નવશારી હલી મલી રહી,
આખા ગાંમમાં લોક ફરવા નીશરે હઈતઈ.
ચારશોથી ઊપર ભાડુતી રખાવી હતી ગારી.
એથી લોકોને શગવર પરી હતી શારી.
ભારબરદારી ગારીમાંબી મોજીલાઓ બેશે,
ગાએ બજાવે ને હરખથી હશે.

ઠાંમે ઠાંમ પાંણી ભરાવેઆં હતાં ચીકાર,
તાતાજીનાં સાહાઠ માંણશો તેપર હતાં તઈઆર.
૫૨ ગાંમથી બોલાવીઆ હતા પાંણી ભરનાર,
એકકા જણનો હતો રોજ ૩૦ બેનો પગાર.
આવવા જવાની ગારીનુ આપીઊ હતુ નુર,
ખાધ ખોરાકીબી તેઓને આપી હતી પુર.
પાંણીની તો કેઠે પણ બુમ ન પરે,
મુશાફર લોકો બેકદરથી બેશુમાર પીરે.
દુખમાં આગલ લોકોનાં લીધા હતા ફોટોગરાફ,
લોકોની ભારી ગીરદીથી નહી આવે શાફ.
એ લેનાર ગોશતાશપજી બરજોરજી મોદી,
દુખમાંના ફોટોગરાફનીબી કાપી લીધી થોડી.

ખરશેદવારીને શીંગાર—અને નવશારીમાં થએલી બીજી રચનાનો હેવાલ.

ખરશેદવારીમાં આખો દીવશ રચના થઈ પુર,
લોકોની ખુશીનું અજબ દેખાતુ હતું શુર.
ખરશેદવારીની થોડી એક લખું છેઊ બીના,
હયાંના દેખાવથી લોકો ખુશી થતા હતા ઘણા.
તરેહ તરેહનો હયાં શેઠે કરાવેઓ હતો શીંગાર,
ઠાંમે ઠાંમ વાવટાઓ તાંગીઆ હતા બેશુમાર.
દીન પાંચ અગાઊથી હયાં થઈ હતી લાઈત,
રંગ બે રંગીન ફાંનશોની બનાવી હતી શાઈત.
માંદવમાં જુમરો તાંગીઆ હતા કંઈ બેશુમાર,
એ લાઈતથી દેખાવ મારતો બહુ ભપકાદાર.
રાત અને દીવશ હયાં લોકો કરે રાગ ને રંગ,
ખુરશેદવારી હતી ગોયા મોહટી ખુશીનું જંગ.
તરેહવાર ચીજોનું હયાં બનાવીઊ હતુ બજાર,
જે માંગો તેવી ચીજ તાંહાં મલે તઈઆર.
શુરતનાં ઘણાંએક વેપારીઓબી આવેઆ હતા,
મીઠાઈ અને બીજી ઘણી ચીજો લાવેઆ હતા.
મુંબઈ શુધીનાં આવેઆ હતા શુખરના વેપારી,
તેઓનેબી થઈ હતી ઘણી કમાંની શારી.
ખરશેદવારીમાં ઊતરેલાઓ રાતે ગરબા ગાએ,
તે ખુશીનાં ગરબા શઊ કોઈ જોવા જાએ.
ખરશેદવારીમાંબી હોતલો નીશરેઆં હતાં,
ભાવમાંબી લોકોને શવલ પરેઆં હતાં.

બરશીદવારી આગલ શુંદર આરકાંઓ મારયાં,
તે ઊપર શુંદર કશબી કાગજો વલગાવીઆં,
શુંદર લાઇટો કરીને તેને દીપાવીઆં હતાં,
ઠાંમે ઠાંમ તાંહાં ઝુંમરોબી તંગાવીઆ હતાં.

આતશ બેરાંમમાંબી લોક જાએ બેશુમાર,
તાંહાંની ભારી ગીરદીનો નહી હતો પાર.
શુખરના બનીઆ હતા તાંહાં મોહટા ધગ,
ચાલવા હાલવાનીબી મુદલ નહી હતી જગ.
ભારી મેહનત કરતા હતા બોએવારા,
એ ભાઇઓનેબી તરાકા પરીઆ સારા.
આશા ફરેદુનવારા શાહેબો હતા બોએ દેનાર,
કોટવાલ ને કાતરક હતા વારો વધીને લેનાર.
કોટવાલમાં હતા બરજોરજી એદલજી,
બીજા હતા નવરોજી ફેરશાશપજી.
કાતરકમાં હતા શોરાબજી જામાશપજી,
એ ભાઇઓ ગયા હતા પોતામાં શમજી.
પાંનશો ને શીતેર રૂપીએ વારો ચહુરી આવીઆ,
એક સારી રકમ ફાજલ પારી તેઓ લાવેઆ.
તેવોના બતરીશ ભાગીઆઓબી થએઆ હતા,
શતર રૂપીઆ એકેક જંણને ફાલે આવેઆ હતા.

ઠાંમે ઠાંમ નવી દુકાંનોનું બનીઊ હતુ બજાર,
તરેહવાર ચીજો ગોઠવીને કીધો હતો શીંગાર.
શરવે ચીજોનો હયાં હતો શુકાલ,
કોઇબી ચીજનો ન હતો દુકાલ.

ઠાંમે ઠાંમ હોટલોબી નીકલીઆં હતાં,
તેમાં ઘણાંએક પાશીનજરોબી ઊતરેઆં હતાં.

તેમાં ૫૦ ૩૦ બારીઆનુ શરશ ગણાઇછે,
શરવે રીતની શગવર કરીઆથી તે વખણાઇછે,
એ હોટલ છે જમશેદવારીની ટેકડી ઊપર,
હયાંનુ પાંણી અને હવાબી છે બહુ શુંદર.
એ હોટેલવારાએબી જાહેર ખબર છપાવી હતી,
આખા દીવશની ૫ી ૩૦ દોર જનાવી હતી.

આખું ગાંમ જોવા મુશાફરો ફરતા ફરે,
ઓલખાંન વાલા ઘેરની તેઓ પુછપરછ કરે.

તારી પીવા જવા ઊપર લોકનો દરોરો પરે,
એવરો ભાવ આપતાંબી શેલાઇથી નહી જરે.
ખજુરે ખજુરે તોલે તોલાં ફરતાં ફરે,
તાંહાંની હવાથી મેજબાંનોના દીલ ખુશ કરે.
તરવારાઓના તેઓ ઘણાં કાલાવાલા કરી,
રૂપીઆ આપે ઊલતથી દીલ રાખી ખુશી ભરી.
દીન બે શુધી ખજુરામાં હેવી ધમાંલો ચાલી,
એકુ વારીબી નજર નહી આવે ખાલી.
દશતુરજીની વારીઓ તો લોકો ઊભાઇ જાએ,
જગેજગ ટોલી ખાવા બેઠેલી દેખાએ.
તરેહ તરેહનો ચાલે હયાં રંગ ને રાગ,
એ ખુશી અને રામશનીથી ખીલી રહે બાગ.

દશતુરજીનાં ઓહોલાનો તો કંઇ અજબ દમાંમ,
બેશુમાર લાઇટો કરી શીંગારેઆ હતો તમાંમ.

તરેહ તરેહના વાવતાઓની બનાવી હાર,
બીજો કેટલોએક તાંહાં કીધો હતો શીંગાર.

મોહલે મોહલે ગરબા અને ગીતો ચાલે,
એ દીવશને લોકો નરોજનાં જેવો પાલે.

તરૂતાનો તો બહુ ખીલીઓ હતો દેખાવ,
શેંકડો માંણશોનો તાંહાં થઓ હતો જમાવ.

તાંહાં શુંદર લાઇતનો કીધો હતો શીંગાર,
મોહટા મોહટા વાવતાઓની બાંધી હતી હાર.

દીન પાંચ શુધી તાંહાં ધોલ બેશારીઆં હતાં,
ફુલોનાં તોરનોબી જગે જગ બંધાવીઆં હતાં.

આખી રાત હયાં ખીઆલોબી ગવાએ.
ગાંમનો મોહટો ભાગ એ શમજવાને જાએ.

તે મુબારક દીવશે રાતે જશનોબી થઆં હતાં,
શેંકડો લોક એ કીરીઆ જોવા આવેઆં હતાં.

એક જશન થઉ હતું મોહટા દશતુરજીને બારને,
બીજું જશન થઉ હતુ શાંગા વારમે.

૨૦ ૩૦ કાંગાએ તે મોહલામાં હુગરાત કરી,
શાંગા અને લંગડા મોહલામાં ફુલ લાઇત કરી.

રતનજી રૂશતમજી કાંગાએ ઊલત જણાવી,
તે મીજલશમાં એક વાએજ કરી સમજાવી.

બુતપરસતીથી દુર રેહવાની શાબેતી બતાવી,
ઇઅજદાંપરસતાંની ખુબી અવસતાથી જણાંવી.

આખી રાત થઇતી બહુ હેવી ધમર ચકર,
લોકો વીશરી ગીઉ હતુ પોતાનુ દુખ ને ફીકર.

પુર શમાંધાંનીથી ગુજરેઆ એ માહાભારત દન
મુશાફરો પાછા ફરતા હતા ખુશી અને મગન.

તાતાજીએ શરવે મેનીજમાં જર ખરચેઆ પુર,
કોઇબી જાતની શેકે નહી રાખી હતી કશુર.

કુલે ખરચ થઓચ લગભગ પંચોતેર હજાર,
બાંધકાંમ શુધાંનો નીકલીઓચ એટલો શુમાર.

શરવેરીતની સગવડ જોઇને મુશાફરો કરે વખાંન,
શું ગરીબ કે શુંતવંગર એક સરખું આપે માંન

જે ઇનશાંન પોતાનાં ટોલાનુ ભલુ ચાએ,
તે ભલો અને ખુબીવંતો નર કેહવાએ.

ગાંમમાનાં શુબાએબી મેનીજ કીધી શારી,
ઠાંમે ઠાંમ પોલીશ ચોકી રખાવી હતી ભારી.

ઘોડેશવાર શબોશીઓ તો ફરતાજ ફરે,
રાત અને દીવશ એક શરખી ચોકશી કરે.

શેઠીઆઓની ગારી શાથેબી હતા શવાર,
આગલ દોરીને પોઇશનો મારતા હતા પોકાર.

હેવું શેઠીઆઓને ગએ વરશનુ જેનુ આપીઊ માન.
શરવે મુશાફરોબી ગાંમની શુધરાઇની કરે વખાંન.

કોઇબી ચીજની અહીઆં પરી નહી હતી બુમ
શરવે વેપારીઓનો માલ ખપેઓ હતો ધુંમ.

દીન ચાર અગાઉથી આયા હતા રીપોરટરો,
પેપરોમાં તરેહ તરેહની લખી મોકલે ખબરો.

દારાશા દોરાબજી હતો ગેજ્ટનો રીપોરટર,
ટાઇમશનો હતો નાનાંભાઇ રતનજી ચીચગર.

એ બેઉ પતરમાં પુલ હેવાલ આવેઓ હતો,
સાશત ગોફ્તાર ને શતીઅ મીતરમાં લખાઓ હતો.

જામે, શમાચાર ને અખબારે શોદાગર,
કુમાંબી આવી હતી ઘણી શારી ખબર.

કુખમાંને અવશરે નવશારીમાં થએલાં જાહેર ભાશણોની વીગત.

શેઠ ખરશેદજી કાંમાએ વાએજો કરી શમજાવી,
જરથોશતી ધરમની ખુબીઓ કંઇ બતાવી.

ઓરતો તથા મરદો આગલ જુદી જુદી કીધી,
ઓરતોને શારૂ ખરશેદવારીમાં ખાશ બેઠક કીધી

હયાં તેઓને ઘણું શરશ રીતથી શમજાવતા,
તેઓની શું શું ફરજો છે તે કહી બતાવતા.

એ કાંમાજીનાં ભાશાનથી તેઓ બહુ ખુશી થાએ,
એ શેઠની વખાંન તેઓ ઘડી ઘડી ગાએ.

જાઇજી નવરોજી કાંગાએ ઊઠીને માંનીઊ હેશાંન,
શેઠ કાંમાજીની એ ભલી કોશેશની વાંચી વખાંન.

ને બોલીઆં કે જે દશતુરોની ફરજનુ એછે કાંમ,
તે તમે મુંબઇથી આવીને શમજાવીઊ તમાંમ.

હમારી ફરજોવીશે શમજાવીઆથી ઘટેછેઊપકાર,
હમો શાંભલનારોઓનો એથી શુધરશે શનશાર.

એ બાઇના હાથમાંથી કા૦ લઇ કામાજી બોલીઆ,
કે કેલવણીથી શું શું ફાએદા છે તે મેં કહેઆ.

તેહનો એક દાખલો મારી હજુર મલીઓ છે,
તે તમો શરવે બાઇઓએ શાંભલીઓછે.

એ કા૦ મારી ધણીઆનીને આપશ મુંબઇ જઇ
ને તેવણ વાંચશે એ કાગલ ઘણાં ખુશી થાઇ.

માહરા બાશાંનોની તેવણ પ્રતે ઇછેછે બહુ,
ખોદા આગલ એ પ્રતેહની દુવા માંગેચ શહુ.

અશો જરથોશતની બાએડીબી એમજ કરતી,
પોતાના ખાવંદની હમેશ તે પ્રતે ઇછતી હતી.

તેથી શરવે ઓરતોએ હેવુજ વાપરવુ દાહપણ,
પોતાના ખાવંદની શારી કોશેશ ઊપર આપવુ મન.

એક વાએજ મોબેદો આગલબી કરી શમજાવી
અથોરનાંનોના મોહટા દરજાની ખુબી કઇ બતાવી.

પછી ગીરોથી વેહચીઆ રૂપીઆ આશોદાદ,
જરથોશતી તોલામાં હેવા નરો રેહજો આબાદ.

કાંમાજીએ છેહલુ કીધું ખરશેદવારીમાં બાશાન,
ગવરનરનાં બાશાનનુ તુકમાં શમજાવીઊ બેઆન.

એ બાશાન પુરૂ થવાથી બીજુ હેવુ ચાલીઊ કાંમ,
નવાજબાઇ ઇશકુલની છોકરીઓને તરી તમાંમ છે*

તેઓએ રંગ બેરંગીન પોશાકનો કીધો શીંગાર,
તરેહ તરેહની ગમતનો બાલકોનો નીકલતો પોકાર.

એ ઇશકુલના શરવે માશતરો શાથે આવેઆ,
ઇનાંમ વેંહચવાની ચોપડીઓબી સાથે લાવેઆ.

---

* એ ઇશકુલ શેઠ તાતાજીએ પોતાની બેહશતન બેહન નવાજબાઇને નામે નવશારીમાં ઇ૦ સ૦ ૧૮૭૨માં સ્થાપેલી છે.

શેઠ નવરોજી ફરદુનજી તો બાલકોની આગલ ફરે,
તેઓના નાંમની તથા ખાનદાનની પુછપરછ કરે.
અવાર નવાર કરીઆ જાએ તેઓને શવાલ,
ચબરાકીથી આપે તેઓ હુનો જવાબ તતકાલ.
ધરમ શંબંધી કાંમાંજીએ શવાલોબી કીધા હતા,
ઘણી શરશ રીતે તેઓએ જવાબ દીધા હતા.
એ શરવે શમજીને મીજલશ ખુશી થાએ,
હુવી કેલવણી આપનારાઓની વખાંન ગાએ.
પછી કાંમાજીએ આપીઆં પોતાને હાતે ઇનાંમ,
દરએક છોકરીઓને ચોપડીઓ આપી તમાંમ.
વલી શાતે આપી દરએક બાલકોને મીઠાઇ,
એ ખુશીની મીજલશ હવે બરખાશત થઇ.
૬૦ જામાશપજી મીનોચેરજીએબી વાએજ કીધી,
જુદે જુદે વખતે શમજાવાની તશદી લીધી. †
એ શાહેબની વાએજ શમજાવા ઘણા જણ આયા,
કીમતી ભાશાંન શમજી ઘણાં ખુશી થએઆ.

---

† દશતુરજી શાહેબ જામાશપજી મીનોચેહરજી જામાશપ આશાનાએ શેઠ દીનશાજી પીટીની શગદી ઇજાઇ તે દીને ધરમનાં ભલાં કાંમ કરવા ઉપર એક ભાશાન કીધુ હતુ ને બીજી એ દુખમાં આગલ દુખમુ ઇજાવાની એક દીન અગાઉ "વખત" ઉપર એક વાએજ જરથોશતીઓનાં મોહટા મેલાવડા વચે કરી શમજાવી હતી.

ફુખઅુ ઈજવાનાં જશંનની વખતે નવશારીમાં આવેલા જાણીતા શાહેબોનાં થોડાંક નાંમની ટીપ.

શેઠ બેરાંમજી જીજીભાઈ શી. એશ. આઈ.
શેઠ દીનશાજી માંણેકજી પીટી.
શેઠ નોશરવાંનજી માંણેકજી પીટી.
હાંનરેબલ શેઠ દોશાભાઈ ફરામજી કરાકા શી. એશ. આઈ.
શેઠ ખરશેદજી રૂશતમજી કાંમાજી.
શેઠ નવરોજી ફરેદુનજી.
શેઠ નાનાભાઈ બેરાંમજી જીજીભાઈ.
શેઠ ખરશેદજી માંણેકજી શેઠખાનદાંનાં.
શેઠ અરદેશરજી ડોશાભાઈ મુનશી.
શેઠ એદલજી રૂશતમજી રીપોરટર.
શેઠ ખરશેદજી માંણેકજી શરાફ.
શેઠ કાવશજી દીનશાજી પીટી.
શેઠ ફરાંમજી દીનશાજી પીટી.
શેઠ જમશેદજી નશરવાંનજી પીટી.
શેઠ દાદાભાઈ એદલજી આલબલેશ.
શેઠ બેરાંમજી નશરવાંનજી શીરવઈ.
શેઠ હોરમજી નવરોજી શકલાતવાલા.
ડાકટર કાવશજી હોરમજી બાલીઓરીઆ.
શેઠ બેજનજી મનચેરજી પટેલ—ઈજનેર.
શેઠ નશરવાંનજી ચાંદાભાઈ—ઈજનેર.
શેઠ કેકોબાદજી હોરમજી ભરૂચા.
શેઠ કાવશજી જમશેદજી જશાવાલા.

---

* એ નાંમોમાં દશતુરોનાં નાંમ નથી કારણ કે તે વખતે સઘલા આવેલા દશતુરોનાં નાંમ, આગલ શીઆલ ભેટ આપેઆના લીશટમાં છપાઆં છે તેથી અતરે ફરી જપેઆં નથી.

શેઠ દાદાભાઈ કાવશજી, અખબારે શોદાગરવાલા.
શેઠ કાવશજી દાદાભાઈ—અખબારે શો૦ના રીપોરટર.
શેઠ જાંગીરજી ડોશાભાઈ કરાકા.
શેઠ હોરમજી બેહરામજી મુશ.
શેઠ પેશતનજી રૂશતમજી કાંગા.
શેઠ જમશેદજી નશરવાંનજી તાતા.
શેઠ ખરશેદજી નશરવાંનજી તારાચંદ.
ખાંનબાહાદુર શેઠ ખરશેદજી રૂશતમજી થાંણેવાલા.
શેઠ માંણેકજી પેશતનજી તબાક.
શેઠ પેશતનજી એન. વાહાડીઆ.
શેઠ અરદેશર ખરશેદજી ફરેદુનજી પારખ.
શેઠ જીવાજી શાપુરજી બાટલીવાલા.
શેઠ નશરવાંનજી શાપુરજી બાટલીવાલા.
શેઠ કાવશજી ફરાંમજી શેઠનાં.
શેઠ રૂશતમજી કુવરજી શેઠનાં.
શેઠ અરદેશરજી નશરવાંનજી મોદી.
શેઠ જમશેદજી નશરવાંનજી મોદી.
શેઠ રૂશતમજી નાનાભાઈ બેરાંમજી.
શેઠ જાંગીરજી હોરમજી પનઠકી.
શેઠ જીવનજી હોરમજી ગજદર.
શેઠ બમનજી મનચેરજી પનથકી.
શેઠ દાદાભાઈ બેરાંમજી, [redacted].
શેઠ રૂશતમજી પેશતનજી બીલીમોરીઆ.
શેઠ જીજીભાઈ શોરાબજી જીજીભાઈ.
શેઠ શોરાબજી જાંગીરજી પારખ.
શેઠ ધનજીભાઈ શોરાબજી શનતોક.
શેઠ દીનશા અરદેશર તાલીઆરખાં.
શેઠ મનચેરજી હોશંગજી જાગોશ.
શેઠ નાનાભાઈ રતનજી ચીચગર.
શેઠ દારાશા દોરાબજી રીપોરટર.
શેઠ અરદેશર પેશતનજી શેઠના.
શેઠ નશરવાંનજી હોરમજી લાલકાકા. વીગરે વીગરે.

દુખમાં ઊપરની તકતીનો પેહલવી લખાંનનો ગુજરાતી તરજુમો.

"દાદાર હોરમજદનાં નામે કરી માંજદીઅશનાંન લોકનાં ગુજરેલાંઓનાં તનને (મુકવાની) આએ દાદગાહું (દુખમુ) નવશારી શેહરનાં રેહવાશી એ૦ નશરવાંનજી બીન રતનજી બીન દારાબજી તાતાએ પોતાના માતાજી અનોશેહ રવાંન કુવરબાઈની ખશનુદીને (પુનને) માટે પાદશાહોના પાદશાહ એજદેજરદ શેહરીઆનાં શને ૧૨૪૭ માં વરશમાં શહરેવર મહીનોને બેરાંમ રોજે બંધાવીઊ છે.

દુખમાંની તકતી ઊપર ગુજરાતીમાં જે લખાંન છે તે નીચે પરમાંણે છે.

શ્રી દાદાર હોરમજદની મદદ હોજો.

"આએ દુખમુ આ નોશારી કશબાના વતની એરવદ નોશરવાંનજી રતનજી તાતાએ પોતાનાં મરહુમ માતાજી કુવરબાઈનાં પુનને શારૂ બંધાવીઊ છે. રોજ ૨૦ મો બેરાંમ ઈજદ માહા ૬ ઠો શહરેવર અમશાશદંદ શને ૧૨૪૭ ઈઅજદેજરદી શવંત ૧૯૩૪નાં ફાગન શુદ ૪ ને વાર શુકરે.

દુખમાંપર મારેલી તકતીનું હેવુ કરીઊછે લખાંન,
કે ઈંગરેજી અને પેહલવી શાથે ગુજરાતી જુબાંન.
એ તકતીનાં પથરની છે સાડા છ ફુતની લંબાઈ,
અઊદ ઈંચ પોહલાઈ અને બે ફુતની ઊંચાઈ.

તાંણાંની વખતે, તથા દુખમાંનાં ભંડારમાં પડેલી પરત.

તાંણાંની વખતે તેમજ દુખમુ ઇજાઇને વપરાઇઊ તાંહાં શુધી એ બેઊ તીરથની પરત લગભગ રૂ૫૦૦૦) શુધીની થવા ગઇચ, તે રૂપીઆ શેઠ તાતાજીએ અનામત રાખેઆછે,જેનો ઘટતો હક હોશે તેનો ઊપીઓગ તેવો કરશે.

દુખમુ વપરાઈઊ તેનો દીવશ.

રોજ ૭ મો માહા ૮ મો શને ૧૨૪૭ ઇઅજદેજરદીને દીને મોહટા દેશાઇ જમશેદજી નશરવાંનજીનો છોકરો બમનજી નામનો વરશ ૧॥ ની ઊમરનો રાતે ગુજરેઓ તેહને રોજ ૮ મો માહા ૮ મો શેહેનશાહી શને ૧૨૪૭ ઇઅજદેજરદી શવત ૧૯૩૪ ના ચઇતર વદ ૮ ને વાર બરેશપતને દીને શવારનાં હાવન ગેહમાં નવા દુખમાંમાં ચરાવેઓ તે દીનેથી એ દુખમુ વપડાવા માંડેઊં છે.

(નંબર ૧.)

શેઠ નશરવાંનજી રતનજી તાતા ઊપર નવશારીની અનજુમને કરેલી અરજીની નકલ.

હમારા હમવતની મેહેરબાંન શેઠજી શાહેબ નશરવાંનજી રતનજી તાતા જોગ, મુંબઈ.

આપણા પુરાતમ વતનની અંદર રવાંનોને અવલ મંજલ પોંચાડવાને માટે એક દુખમાંની ઘણી જરૂર છે અને તેને માંટે તમો શાહેબની આંગેવાનીથી શને ૧૨૪૨ ઇઅજદેજરદીના શાલમાં "નવશારીના જરથોશતીઓનું" જનરલ ફંડ હેવે નાંમનુ ફંડ ઊભું કીધુછે, પણ મુંબાઇમાં તરશતી શાહેબોને કેડવીતાંહાં લીશત ઊભુ કરવાના કાંમમાં ઘીલ પડવાથી એ કાંમ મુલતવી રહીઊ છે. કારણ કે શેઠ આંનદાંનવારૂં દુખમું અતીશે બીશમાર હાલતમાં આવી જવાથી શેઠ બાબાવારૂ દુખમુ અતરેની વશતીને બશ નહી થવાથી શેઠ મીનોચેર શાહવાલા દુખમાંને ઘટતી કીરીઆ અને મરાંમત કરીને વાપરવામાં આવેછે. અને તે પણ લાંબો વખત શુધી જવાબ દઇ શખશે એમ માનવામાં આવતુ નથી તેથી હમારાં દીલ ફીકરમંદ થઇને દુખી થાએછે તે વીશે તમો શાહેબને પુરતી રીતે રોશન છે તેથી હમો નમનતાઇ શાથે તમો શાહેબને જણાંવીએચ કે જેવી દાંનાઇ ને દુરઅંદેશી પોહચારી તમો શાહેબે એ ફંડનો પાએઓ નાખી તેમાંથી જે જે કાંમો કરવાં ધારેલાં છે તે બજાવાને માંટે હવે કંઇ ઘીલ થવી જોઇએ નહી કારણ કે તમો શાહેબને હાથે આરંભેલું કાંમ તમોથીજ કાએદા મુજબ શરંજામ ઊતરવુ જોઇએ અને તે કામ પાર પડેલુ જોવાને અનજુમન અતીશે ખુશી છે તેથી આશા

રાખીઆમાં આવેચ કે હવે તમો શાહેબ એ દુખમાંને લગતી શંગલી ગોઠવણો કરીને એ નવાં દુખમાંનુ કાંમ સરંજામ ઉતારશો. વલી તમો શાહેબોને હમો મોહટી ઉલતથી જણાંવીએચ કે તમો શાહેબ પણ અતરેનાં વતની છેઓ તેથી શેઠ ભાભાનાં દુખમાંના જેવુજ નવુ દુખમું તમો પોતે તમારા શકમાઇના પઇશા ખરચીને બનાવી આપો તો તેથી આએ ગરીબ અનજુમનને મગરૂર રેહવાને થોડું કારણ મલશે નહી. વલી પાક ખોદાતાલાની તમો શાહેબની ઉપર એટલી તો મેહરબાંની થએલી છે કે એ કાંમ બજાવાને તમો શાહેબને કંઇ અંદેશો કરવો પરશેજ નહી, બલકે ફરજ શમજી એ નેકનાંમી ભરેલું કાંમ બજાવી ધરમી માંણશોની ટીપમાં આપ પોતે પોતાનું નાંમ જોડી રાખશો, કે જેથી ચંદરોકાલ શુધી તમો શાહેબનુ મોબારક નાંમ શુરજનીમી શાલે રોશન રેહશે અને તેનાં બદલામો અશોરૂવાંનોની તેમજ આએ ગરીબ અનજુમનની નેક દુવાનો બદલો ખોદાતાલા તમોને અને તમારા ફરજંદોને આપીઆ વગર રેહશે નહી.

ઉમેદ છે કે આએ ગરીબ અનજુમનની માંગણીનો ખુશી ભરીઓ જવાબ અનજુમનનાં હોકમથી રૂશતમજી કેકો બાદજી દશતુર અને બીજા કેટલાએક શાહેબોને મોકલીઆ છે તેવણ શાથે આપી મોકલશો તે વાંચી તમારા હકમાં દુવા માંગીશું.

રોજ ૪ ઠોમાહ ૧ લો શને ૧૨૪૬ ઇઅજદેજરદી, તા૦ ૨૩ શપટેમબર શને ૧૮૭૬ ઇશવી, શવંત ૧૯૩૨ વીકરમાંજીત.

લા૦ દશતુર દારાબજી માહીઆરજી.
લા૦ દેશાઇ બરજોરજી નવરોજી.
લા૦ દેશાઇ બમનજી દારાબજી.

(એની નીચે આશરે ૩૦૦) શહી છે.)

(નંબર ૨.)

ઊપલી અરજીનો શેઠ નોશેરવાંનજી રતનજી તાતાજીએ આપેલો જવાબ.

પાક દાદાર હોરમનજદ શાહેબ હમેશનો નીગેબાંન હોજો, પાક અશો હજરત જરતોશત શપનતમાંન અનોશેહર રવાંન ની રેહમથી હમેશ કુલ જરતોશતી દીનદાર શાહેબોને ભલી મનશની હોજો. આમીન.

શ્રી નવશારી કશબાના મોહટા દરજાના અને અશો ઈના રાખનાર શમશતે અનજુમંનના વડા દશતુરજી શાહેબ દારાબજી બેહશતે બેહરે જીનતનશીન દશતુર માહીઆરજી તથા અનજુમનના અકાબર શાહેબો તથા કુલે જરથોશતી અનજુમના શાહેબો જોગ, નવશારી.

જત તમારી જનાબમાં શેવક હમેશનો અનજુમનનો તાએબેદાર આ૦ નોશરવાંનજી રતનજી તાતાની દુવા બંદગી અનજુમન શાહેબની ખીદમતમાં કબુલ ફરમાવજોજી, અરજ એ કે તમો નાંમદાર શરદાર શમશતે અનજુમન તરફથી રોજ ૪ થો શહરેવર માહા ૧ લો ફરોખ ફરવરદીન શાલે ૧૨૪૬ નો લખેલો હુકમ અતરે દશતુરજી રૂશતમજી કેકોબાદજી તથા બીજા આપણા અનજુમનનાં નવશારીથી આવેલા તથા અતરેના આપણી અનજુમનના શાહેબો રોજ ૧૦ મો આંવાં માહા ૧ લો ને દીને શેવકનાં ગરીબ મકાંને તશરીફ લાવેઆ તેથી અનજુમન શાહેબનો તથા આવનારા શાહેબનો ઊપકાર માંનુચજી. બાદ અરજ એ કે હુકમ શાથ ફરમાવો છો કે નવશારીમાં અશો રૂવાંનોને અવલ મંજલ

પોંહોચાડવાને દોખમુ ઘણી માંદી હાલતમાં છે તે નીભી શકે એમ નથી તેથી અનજુમન દલગીર છે તે વાંચી શેવક અતીશે દલગીર થઓ છે.

બીજુ અનજુમન શાહેબો ફરમાંવોચ કે એ કાંમની ઘીલ થઇ તે મુંબાઇમાં તરશટીઓ નેમવાની ઘીલથી થઇ પણ એ ઘીલ થવાનુ વાજબી કારણ તો આફતાબની રોશ નીની પેઠે શરવે અનજુમનનાં જરથોશતીઓને રોશન છે તે શંબંધી વધારે લંબાન કરવાને બદલે તે વાતને હમેશગીને શોપુર્છું. બીજુ અનજુમન શાહેબોએ ફરમાવીઊ છે કે એ કાંમ કોશેશથી ઊગરાણું કરવા ઊપર રાખીએતો અલબતે અનજુમન શાહેબોનાં નાંમ આગલ એ કાંમ કંઇ વધારે નથી પણ શમો જોતાં એ મોહટાં કાંમમાં દર દેશાવરોની પણ મદદ લેતાં વરશ ૪ થી પાંચ નીકલી જાએ અને તાર બાદબી પુરતી રકમ પાર પડે કે નહી તે કેહવાએ નહી અને આપણાં બુજરગ પનથકમાંતો એ ચીજની જેમ બને તેમ તાકીદની જરૂર જણાંએ છે માટે અનજુમનનો પાછલો હોકમ શરોચશમથી માંકે ચહડાવી શેવક અનજુમનનાં શાહેબોની ખીદમત બજાવાને હાજર છે તે કોશેશ ઇઅજદાં શાહેબ પાર ઊતારે ને હુકમ તે દાદગર દાદારનો છે તો વરશ ૧ ની અંદર એ કાંમની શરૂઆત કીધામાં આવશે. તેથી આએ કાગજ અનજુમન શાહેબોની ખીદમતમાં પોંહો ચાડવાને હમારા ભાઇ શોરાબજી કાવશજી તાતાને રવાંના કીધા છે તેથી આવતો રોજ ૧૯ મો ફરોખ ફરવરદીન માહા ૧ લો ફરોખ ફરવરદીન અશો ફરોહર શાહેબના જશનને દાહાડે શેવકનાં બેહશતનશીન માતાજી કુવરબાઇની નઇઅતે અનજુમન શાહેબોએ ગરીબ શેવકની માંગણી બાહાલ રાખી તનદરોશતી ભનાંવવી અને ઇઅજદાં શાહેબથી એ નેક કાંમ

શરંજામ પોંહચવાની દૂવા ગુજારવા અને પોતાની બનતી કોશેશથી એ કાંમ પાર ઊતારવામાં શેવકને ઘટટી મદદ કરવી એ અરજ તમો શાહેબને કરૂં છું. આંમીન.

મુંબઈ રોજ ૧૫ મો દપમેહેર દાદાર હોરમજદ માહ ૧ લો ફરોખ ફરવરદીન શેહનશાઈ શને ૧૨૪૬ ઈઅજદેંજરદી તા૦ ૪ થી અકટોબર શને ૧૮૭૬.

લા૦ હમેશાંનો અનજુમન શાહેબનો તાએબેદાર શેવક

આ૦નોશરવાંનજી રતનજી બીન દાશાબજી તાતા

ની અરજ બંદગી અનજુમન શાહેબોની ખીદમતમાં કબુલ ફરમાવવી. આંમીન શદહજાર આમીન.

(નંબર ૩.)

નવશારીની અનજુમને નામદાર ગવરનરને આપેલું માન પતર.

નામદાર શર રીચરડ ટેમપલ, બેરોનેટ જી. શી. એશ. આઈ. એનડ શી. આઈ. ઈ.

મુંબાઈના ગવરનર જોગ,

ઈરાંન વતન જરથોશતીઓને તીઆગ કરવાની ફરજ પડી તાર પછી જરથોશતીઓના દશતુરોના વડાં મઠક તરીકે મંડાઈ ગએલાં આ પુરાણા શેહરના હમો હેઠલ શહી કરનારા રેહવાશીઓ તમો નામદારને પરીત ભરીઓ આવકાર દેવા માંગીએ છેઈએ.

આ શેહેરના એક વતની મી૦ નશરવાનજી ટાટાની શ
ખાવતથી બાંધવામાં આવેલાં દાખમાંની કીરીઆમાં શામેલ
થવાને દેશના શઘલા ભાગો ઊપરથી હજારો હમજાતીઓ
ભેગા થએઆ છે તેવે શમે તમો નામદારે પણ આ જગોની
મુલાકાત લેવાની તશદી લીધી તે માટે હમો ઊપર મોટો
ઊપકાર થએઓ છે.

જે હીંદુ શરદારોએ અને નામદાર ગાએકવાડની શ
રકારે હમારા વડવાઓને માએઆલુ રીતે જે આશરો આ
પેઓ હતો તે આ શુભ ટાંકણે ઇઆદ કરીને તે માટે ઊપ
કાર માનવા વીના ચાલતુ નથી.

પણ તે પેહલાં હમોએ બરીટીશ શરકારનો પણ ઊપ
કાર માંનવો જોઇએ કે જેના રાજ હેઠલ હમો આબાદાની ભો
ગવીએ છીએ અને બેહદ લાભો હાંશલ કરીઓ છે. એટલા
માટે નાંમદાર રાંણી અને હીંદુશતાનની શેહનશાહબાનુના
આ ઇલાકાના તમો નામદાર પરતીનીધી તરીકે તમો આ
ગલ ઊપકાર જાહેર કરવાની તથા વફાદારી ભરેલી લાગણી
બતાવાની જે શુભ ટક મલી છે તે માટે મુબારકબાદી
ઇછીએ છીએ.

આ વફાદારી અને ઊપકાર ભરેલી લાગણીઓ કાએમ
રાખવા શારૂ તમો નામદારના કારોબાર માટે હમો ભરોશા
ભરેલી રીતે આરજુ રાખીએચ. આ દેશના લોકો અને મુખીઅ
કરીને દેશીઓના ભલા માટે તમો નામદાર જે પરીતભરી
લાગણી બતાવો છો તે ઊપરથીજ તમારા વખાણવા લાએક
કારોબારની સાબેતી મલેછે અને તેથી હમે તે શરવશકતીવાન

ઇશવર પાશે એટલુંજ ચાહીએચ કે તમો નામદારને ફતે બખશે.

હમો છેઇએ,

તમો નામદારના તાબેદાર અને નમનતાઇ ભરેલા શેવકો,

લા૦ દશતુર દારાબજી માહીઆરજી.
લા૦ દેશાઇ બરજોરજી નવરોજી.
લા૦ દેશાઇ બમનજી દારાબજી.

(અને એ સાથે નવશારીઓના રેહવાશીઓની ૪૦૦ શહીછે.)

(નંબર ૪.)

પારશીઓ વીશે મુંબઈના ગવરનરે નવશારી મધે કરેલું ભાશણ.

ગરહસથો,

જે માંન પતર હમણાંજ વંચાઉ છે તેમાં મારા પોતા તરફ તમોએ વાપરેલા મેહરબાંનગી ભરેલા શબદોને માટે તમારો ઊપકાર માનતી વેલાએ તમોને પારસી પ્રજા તરીકે લાભકારક થઇ પડે એવી બાબતો સંબંધી થોડીક ટુક ટીકાઓ કરવા માટે તમારા વખતની થોડીક પલ હું રોકવા માંગું છું. જે દાખલું તમારા ધરમ અને તમારી પરજાને લગતી કેટલીબધી દંતકથાઓ યાદ કરાવેછે તે બંધાઇને તઇયાર થવા ને આ ટાંકણે હીઆં હાજર થવાથી હું ખુશી થઓ છું. આ (નવશારી કશબો) હીંદુસતાનમાં પારસી અથોરનાનોનાં

સંરવેથી અસલી મથકોમાંનુ એક હોવાને લીધે ઉમેદ રેહુછે કે હયાં હાજર થયલા ઘણા અથોરનાંનો હજરત જરથોશતના પુરાતન લખાણોનો અભીઆશ કરવાની કોશેશ કરશે, કે જે લખાંણો ઈંગરેજી ભાશામાં થયલા તેમના તરજુમાઓથી તમને મલી શકશે. ગરહશયો, જરતોશતી ધરમના લખાંણોની કેટલાબધા ઈઊરોપીઅન વીદવાનોએ જે શેવાઓ બજાવીછે તે તમે આ જેવે પ્રસંગે અછી રીતે યાદ રાખી શકશો. એક ઈંગરેજ તરીકે એ વીશેનો જરા પણ ગરવ રાખવા વીના હું આમ કહું છું, કેમકે તમે યાદ કરશો કે એકવીટીલ ડુ પેરો અને બરનુપ ફરેંચ વીદવાનો હતા, મારટીન હાગ અને સપીગલ જરમન હતા અને વેસટરગારડ ડેનમારકનો રેહવાસી છે. ગરહશયો, માનપતરમાં તમારી પરાચીનકાલની તવારીખ વીશે તમોએ જે કંઇ જણાવીઊ છે તેના સંબંધમાં હું એક ફકરો તમને વાંચી શંભલાવવાની રજા લઉંછું કે જે ફકરો "ધરમ અને વીદીઆ વચે જધડો" એ નામના પરોફેસર ડરેપર નામે એક અમેરીકન લખનારના પુસતકમા હમણાંજ મારા વાંચવામાં આવીઓછે. હું ધારૂં છું કે તે તમને અજાએબ જેવી ફસાહતથી લખેલો માલમ પડશે અને હું આશા રાખુંછું કે તે તમને રસ ભરેલો લાગશે. માહાતમાં શેકંદરના વખતના ઈઊનાનીઓને ઈરાનની શેહેનશાહત—દારાયસ વાલી અસલો ઇરાની શેહેનશાહત જેવી માલમ પડી હતી તે વીશે બોલતાં મી૰ ડરેપર નીચે પરમાણે લખેછે :—

"જારે ઈઊરોપખંડ માહેલો ઈઊનાન દેશ સવતંતરતા અને છુટાપણાના વીચારોમાં ચકચુર બનીને ઈરાન દેશનો રાજયધીકાર તુછકારતો હતો તારે એશીયાખંડ માહેલા ઈઊનાન દેશે વગર આનાકાની કરવે તે રાજયધીકાર

કબુલ રાખેઓ હતો. તે વખતનો ઇરાનની શેહેનશાહતનો જમીન ઉપરનો વીસતાર અરવાચીનકાલના ઇઉરોપખંડના અરધોઅરધ ભાગની બરાબર હતો. ભુમધય, ઇજીયન, કાલા, કેસપીયન, હીંદી, ઇરાની અને રાતા સમુદરોનાં પાંણી તેને લાગતાં હતાં. તેના મુલુકોમાંથી દુનીયામાં સર વેથી મોટી નદીઓ માંહેલી ૬ નદીઓ—જેવી કે પ્રુરાત, દજલા, સીંધુ, જીહુન, સીહુન, અને નીલ—પસાર થતી હતી, જે દરેક નદીની લંબાઇ એક હજાર માઇલ કરતાં પણ વધારે હતી. તેની સપાટી દરીયાની સપાટીથી નીચાણમાં તેરશો પુટથી ઉંચાણમાં વીસ હજાર પુટશુધી ચાલેલી હતી. એટલા માટે તાંહાં ખેતીવાડીને લગતી દરેક પેદાશ થતી હતી. તેની ખનીજ દોલત હદ વીનાની હતી. મીડીયન, બેબીલોનીયન, એસીરીયન, ખેલડીયન શેહેનશાહાતો જેમની તવારીખ વીસ સદીઓથીબી વધારે આગલ ચાલેલીછે તેમની આગલી સતાનો તે (ઇરાની શેહેનશાહાત) ને વારશો મલીઓ હતો."

. . . .

"એ પરમાંણે ઇઉનાનીઓની બુધીની ચાલાકીને એક ભારે ઉતેજન મલીઉં હતું. તેઓમાં એવાં માણશો હતાં કે જેઓએ મેસીડોનીયન લશકર સાથે ડેનીઉબ નદીથી નીલ નદી શુધી અને નીલ નદીથી તે ગંગા નદી શુધી કુચ કરી હતી. તેઓએ કાલા સમુદરનીપેલી તરપ્નાં દેશોમાં ઉતર તરપ્થી પુકાતા પવનના સપાટાઓ તથા મીસર દેશનાં જંગલોમાં થતા "સીમુમ" અને રેતીનાં તુપાંનો ખમયાં હતાં. વીસ સદીઓ શુધી તકી રહેલા પીરામીડો, લુકશોર ખાતેના ચીતર ભાશાથી ભરી નાંખેલા મોરશ મીનારાઓ, મુગા અને ભેદ ભરેલા "સ્પીનકસ" ના

એ રાક્ષશોના કુંજ, દુનયાના પેહેલા પોહોરમાં રાજ ચલાવી ગયલા પાદશાહોની ગંજાવર મુરતીઓ, એ સઘલું તેઓ એ જોઇઊં હતું. ઇસર હાડનનાં દેવાનખાનાઓમાં એસીરી યાના વીકરાળ ચેહેરાના બુજરોગ પાદશાહોનાં તખતો આગલ તેઓ હાજરી આપી આવયા હતા, જે પાદશાહોની પાંખવાલા ગોખાઓ ચોકી કરતા હતા. બેબીલનમાં હજી શેહેરને ફર તી દેવાલો કાયમ હતી, જેઓ એકવાર ઘેરાવામાં ૬૦ માં ઇલ કરતાં પણ વધારે હતી, અને જેઓ તરણ સદીઓ અને તરણ ફતેહ કરનારાઓએ કરેલી પાએમાલી પછે હ જીબી ૮૦ થી વધુ ફુટની ઊંચાઇ ધરાવતી હતી, હજી તાં હાં વાદલાંમાં વસનારા "બેલ" દેવનાં દેહેડાંનું ખંડીએર પડેલું હતું. જેને મથાલે ગોઠવેલી વેધશાળા (આબસરવે ટરી) માં જાદુ કોટલમાં પરવીન થએલા બેલાડીઓનાં ન જુમીઓ રાતની વેલાએ તારાઓ સાથનો પોતાનો વેહેવાર ચલાવતા હતા, હજી તાંહાં જુહુલતા બાગો સાથના બે મે હેલોની નીશાણીઓ જણાતી હતી, જે બાગોમાં મોટાં જા ડો હવાની વચોવચમાં ઊગતાં હતાં, તેમજ જે સાંચાથી ન દીનું પાણી આ બાગોમાં પોંહોંચતુ કરવામાં આવતું હતું તે સાંચાનું ખંડનબી તાંહાં હજી હઇઆત હતું. નેહેરો અને મોરીઓના મોટાં સરનજામ સાથના હસ્તકરૂત ત ળાવોમાં આરમીનીઆના પરવતો ઊપરથી પઘલેલો બરફ પોતાનો મારગ લેતો હતો, જે યુરાત નદીની પુરણને લી ધે શેહેરમાં દાખલ થતો અટકતો હતો. કદાચ એ સરવે માં વધારે અજાએબી ભરેલો તો નદીની તલીએથી કોરે લો રસતો હતો.

"અગરજો બેબડીઆ, એસીરીઆ, બેબીલન જમાનાના અંધકાર વખતની (આવી) અદભુત અને બુજરગી ભરે

લી નીશાણીઓ દેખાડતાં હતાં, તો ઇરાન વધારે પાછલા વખતની અજાએબીઓથી ખાલી ન હતું. પરસીપોલીસના સથંભવાલાં દેવાનખાનાઓ હોનરનાં મોજેજાઓ—જેવા કે નકસીકામ, કોતરકામ, મીનો લગાડેલી ચીજો, નરમ જાતના સંગેમરમર (આલાબાસટર) થી બાંધેલાં કેતાબખાનાઓ, ચોરસ મીનારાઓ, રાક્ષશી મુરતીઓ, અને ઘોધાઓનાં પુતલાંઓથી ભરપુર હતાં. ઇરાની પાદશાહોનો ગરમીની મોસમનો શીતલ આરામધા, એકબેટાનાના મેહેલનો કોરી કાહાડેલા સફાઇદાર પથરોની ગોળ ફરતી સાત દેવાલોથી બચાવ કરેલો હતો, જેમાંની માંહેલી દેવાલો પેદરપે ઊંચાઇમાં વધતી જતી હતી, અને તેમને નજુમની વીદીઆ પરમાણે સાત ગરહોના જુદા જુદા રંગો આપીઆ હતા. મેહેલને મથાલે રૂપાંનાં નલીઆં ચણીઆં હતાં અને તેના બારવટીઆઓને શોનાનાં પતરાં જડી લીધાં હતાં. મધરાતે તેનાં દેવાનખાનાઓમાં નખતેલના દીવાઓની ઘણીએક હારો લગાવી દઇને જાણે આફતાબની રોશનીની હરીફાઇ કરવામાં આવી હતી. ઊગમણ પ્રાંતોના પાદશાહોની પેલી મોજ પરમાણે શેહેરની વચોવચમાં એક બેહશત બનાવી દીધું હતું. હેલેસપોંટની ખાડીથી તે સીંધુ નદી શુધીની ઇરાનની શેહેનશાહત ખરેખર દુનીઆનો બાગજ હતું."

હવે ગરહસથો, જે શેહેનશાહતમાં તમારા નેઆગાનો હસતી ભોગવી ગઆછે તે શેહેનશાહતની મોટાઇ અને બપકો એકવાર કેવો હતો તેનો કંઇક ખેઆલ એક અમેરીકન ગરંથ કરતાના આ ફકરાઓ તમને આપેછે. તમારે ખાતરીથી માનવું કે તે શેહેનશાહતને મોટી મેહનતથી, અ

ને દરેક બાજુએ દુશમનો સામે જાથુકની લડાઈઓ ચલા વીને મજબુત કરેલી હતી. શાહાનામાની મોટી વીર રસ કવીતામાં જમા કરેલી દંતકથા ઊપરથી તમે તે જુઓછો. ઈરાનના જે દુશમનો તુરાન તરફથી તેમજ જીહુન અને સીહુન નદીઓની પેલી બાજુએથી એ શેહેનશાહતને હમે શાં ધમકી આપતા હતા તેઓથી તેનો બચાવ કરવામાં જાલ, રૂશતમ અને એ વીના બીજા શઘલા અશલી ઈરા ની પેહેલવાંનો રોકાએલા હતા. સીહુન નદીની પેલી બા જુએ વસનારા ભટકતા મોનગોલીઅન લોકો સાથની આ લડાઈઓમાં રૂસતમે પોતાના ઘણા ખરાં પેહેલવાની પરા કરમો કરીઆછે. તે ખરેખર તવારીખને લગતો એક મા ણસ હતો. હાલના અફગાનીસતાન દેસના પશ્ચીમ ભા ગના મુલુકમાં તે ઇરાની પાદશાહ જમશેદનો એક જાગીર દાર હતો, અને તે હમેશાં તુરાની દુશમેનો સાંમેની લડાઈ માં મસગુલ રેહેતો હતો. એ પરમાણે આ શેહેનશાહાત રંજ ખેંચીને ઊભી કરેલી હતી કે જે આસતે આસતે મોજમજા અને નામરદાઈમાં પડતી ગઇ અને પછે જેને મેસીડોનીઅન લોકોએ શેહેલથી તાબે કરી હતી. ઈઊના નીઓની ફતેહ પછે ઈરાને એકવાર ફરીને પોતાની કમ બખતીથી મલેલો ધડો લઈને પોતાનું બલ એકઠું કરીઊં અને અસલી શેહેનશાહતને પાછી સજીવણ કરી. પછે મોજ મજા અને નામરદપણાએ એકવાર ફરીથી દેખાવ દીધો અને એ શેહેનશાહત ચહડાઇ લાવનારા આરબોનો શેકાર થઇ પડી. આરબ હુમલો કરનારાઓએ લોકોને જોર જુલમથી મહમદના ધરમમાં વટલાવીઆ, અને પછે મુશ લમાનોબી મોજશોકની આદતમાં ફસીઆ અને પાછલથી તેઓ મોનગોલીઅન લોકોની મોટી ચટાઇના ભોગ થઇ પ

ટીઆ. હવે મોનગોલીઅન લોકોની ચટાઇ તે ખરેખર શા હાનામામાં બઆન કરેલી ઇરાન અને તુરાનના રાજીઓ વચેની જુની લડાઇઓનું નવું સવરૂપ હતું, કે જે લડાઇ ઓમાં રૂસતમ મારે પંકાઓ હતો. મો. લીઆન કાહા ન નામે એક ફરેંચ ગરંથ કરતાએ "ધી બલુ બારનર" નામે એક પુશતક હમણાંજ પરગટ કરીઊંછે જેનો ઇંગરેજી માં તરજુમો થઓછે અને જેમાં તમારાં સવદેશની દંત કથાઓ દાખલ કરેલી હોવાથી તે ચોપડી તમો સઘલા ગ રહુસથોને મોટા ઊપઓગની થઇ પડવી જોઇએ. તે માં હેલાં બે પરકરણો વાંચવાની હું તમને ખાસ ભલામણ ક રૂંછું, જેમાંનાં એકમાં બોખારા અને સમરકંદનાં શેહેરો ની તેમની આબાદાનીના વખતની મોટાઇ, ભપકો, અને મો જમજાનું વરણન આપેલુંછે, અને બીજા પરકરણનાં બો દાનો ગુસ્શે જાહેર થવા સંબંધી મોનગોલીઅન લોકોની ચટાઇ વીશેનાં પરકરણમાં બઇઆન કરેલુંછે. આ પુસ તકમાં વલી એક એવો ફકરોછે કે જે ઊપરથી શેહેરમાં વસનાર અને જંગલમાં વસનારા માણશો વચેની લડાઇ ની જુની દંતકથા પાછી ઇઆદ આપેછે, કે જે લડાઇ મેં સમજાવીઊં તેમ રૂસતમના જમાનામાં ઇરાન અને તુરાનનાં રાજીઓ વચે ચાલતી હતી. તે ફકરો આ પરમાણેનોછે :—

"ચીન જતાં મારગમાં મેં ટામીઇન સાથ ઓળ ખાણ પાડી હતી, અને જોકે તે મુરતીપુંજકછે તોપણ તેની શેવા ઊઠાવવા માટે મેં પોતાને અરપણ કરેલોછે. કેમકે હું જે કહુંછું તે અછી રીતે સાંભલ કે શેહેરનાં દુશટ લો કોને હાથે ભટકતાં લોકોએ જેબી ગેરઇનસાફી ભરેલાં કાંમો વેઠીઆંછે તેનું વેર લેનાર તેજ (ટામીઇન) છે. હા! હું હીયાં દગો રચુંછું ખરો પણ તે મારે વાસતે નથી! એ

તો સંસથાન કરીને પડેલા તડજીક અને ઈરાની લોકો શામે ભટકતા તુરકીઓ અને મોનગોલ લોકોના મોટા અને છ મેશાંના પક્ષને મારેછે, એ દગો તો જે ભટકતા લોકો આપણી માફક પોહોલા ચેહેરાના, તીરકસ આંખના અને નાની દાહાડીનાછે તેમની તરફથી જે માણશો લાંબા નાકના અને ગુછદાર દાહાડીનાછે તેઓ શાંમે હું રચુંછું. એતો જંગલ અને બીઆબાનની ખેડેલી જમીન શાંમેની લડાઈછે."

હવે ગરહસથો, આ સઘલી તવારીખનો સાર એ છે કે જાંહાં શુધી પરજાઓ ઊદીઓગી, મેહેનતુ, ખમાઊ, પોતાના લાભોનો ભોગ આપનારીછે તાંહાં શુધી તેઓ પોતાનો નીરવાહ કરવાને શકતીવાનછે, પણ જો એકજ વખત તેઓએ કામ કરવાનું છોડી દીધું અને હાથની મદદથી થતાં કામોને લગરીક હલકા પડવા જેવાં વીચારનું શરૂ કરીઊં, જો તેઓએ એકજ વખત મોજને તથા પઈસાથી નીપજતી મજાહોને રંજ ખેંચીને બનાવેલાં કામોથી નીપજતી મોજમજાહો કરતાં વધારે ઈઓગતીઅતા આપવાનું શરૂ કરીઊં તો પછે તેઓ પોતાનું સવદેશાભીમાન ખોહોવાનું શરૂ કરેછે અને કમબખતીને તાબે થાએછે. જારે જણ લોકથી પરજાઓ બનેછે તારે હવે ગરહસથો, પારસીઓ તમોને વીચાર કરવાની હું અરજ કરૂંછું કે તમારા બેઆગાનોની તવારીખની કોઈ ઘણીને ઈઆદ આપે એવું કંઈ તમારી પોતાની તવારીખમાં અને તમારી પોતાની સથીતીમાંછે કે નહી? આ વાત સારીપેઠે જણાયલીછે કે આગલી શદીઓમાં તમારેઓબી ઘણો બારીક વખત પશાર થઓ હતો. હમણા તમે મોટી દોલત અને આબાદાની હાંશલ કરીછે, પણ આ વાત તમો શરવેએ તેમજ તમો દરેકે વીચારવાનીછે કે શું તમારાંમાં કોઈ

એવી વલણ જણાતી નથી કે જેની જો તમે શંભાલ નહી લો તો તે આખેરશ તમારો પરજા તરીકેનો નાશ કરે ? હવે તમોને ઇઆદછે કે જારે પારશીઓ આ દેશમાં આવી આ તારે પરથમ તેઓ ખેડુતો અને શીપાહીઓ દાખલ જણાઆ હતા. હાનરએબલ મી૦ ડોશાભાઇ ફરાંમજી, જેઓએ પારશીઓની હાલત અને તવારીખનો એક રસીક સંકશેપ લખીઓછે, તેવણ વારેવાર એવું જણાવતા મને માલમ પડીઆછે કે પ્રાચીન હીંદુસતાનના પારશીઓને લગતા જુના હેવાલોમાં તેમને ઊદીઓગી ખેડુતો દાખલ જણાવીઆછે. તેઓ ઘણાજ અછા શીપાહીઓ હતા તે વાતતો તવારીખમાં પરખીઆતી મેલવી ચુકીછે. પણ હમણા હું માનુંછું કે પ્રાચીન હીંદુશતાનમાં હથીઆર બાંધી ફરનારો એકબી પારશી નથી, અને જોકે એક રઇએત અથવા મેહેશુલ ભરનારા ખેડુતનો દરજજો ધરાવે એવો ખરેખર એકબી પારશી નથી એમ હું ખાતરીથી કેહેતો નથી તોપણ હું માનુંછુ કે એવા ઘણાંજ થોડાછે. કદાચ એવો એકબી પારશી કઠણાઇથી મલી આવે. હાલમાં દેશાઇઓ અથવા જાગીરદારોનાં તરણ ખાનદાનોછે, જેઓ ગાએકવાડ સરકારની મેહેરબાનગી અને સખાવતથી પોતાનો પુરાતન કબજો તેના સઘલા હકો અને તે ઊપરની મીલકતો શુધી ભોગવેછે. વલી આ કસબા (નવસારી)ના રેહેવાસી મી૦ બરજોરજી ગારડાએ દરીઓ પુરીને જમીન બનાવવાનુ કામ માંથે લીધુંછે પણ આ કુટુંબ સીવાએ એવા બીજા કોઇજ પારસી નહી હશે જેઓ ખેતીમાં રોકાઆ હોએ અથવા ખેડવા લાએક જમીનની મીલકત ધરાવતા હોએ, એવી જમીન કે જે શેહેરમાં નહી પણ ગામડાઆં હોએછે, એમ હું માનુંછું. એ પરમાણે તમે જુ

ઓછો કે મેં તમને જે પ્રકરો હમણાંજ વાંચી સંભલાવે ઓ તેમાં બેઆન કરેલી હાલતે તમે ધીમે ધીમે આવતા જા ઓછો. તમે અગત કરીને ગામડાંના લોક નહી પણ શેહેરનાં લોક થતા ગઆછો. બરીટીસ અમલ પછે લાંબો વખતશુધી તમે કારીગરો, કારખાનાવાલાઓ, તરેહવાર ઊદીએગને લગતા ધંધા કરનારા દાખલ તમે પંકાઆ હતા. હું માનુંછું કે થોડેક દરજજે હજી તમે તેજ ધંધામાં પડે આછો, પણ છેલા બે જમાનામાં તમે વેપારમાં અને દુકાનદારીમાં ધુમ પડીઆછો. હવે વેપાર સરવેથી વધારે આબરૂદાર ધંધોછે, કોઇબી ધંધો કંઇજ નહીતો ઈંગરે જોની નજરમાં એથી વધારે આબરૂદાર ગણાતો નથી, તોપણ તમે સઘલાઓ વેપારી થઇ શકવાના નથી. વેપાર ઊપરાંત તમોએ બીજા ધંધાઓમાં પડવું જોઇએછે. વળી પારસીઓએ મોટી દોલત, દરજજો અને પઇશો મેળવવાના દાખલાઓ તમે વારેઘડીએ જોઆછે અને તેજ દાખલાઓ ઊપરથી વાચાર કરતાં ધારવામાં આવેછે કે તમે દોલતમંદ થવાની ઊતાવલ કરોછો. મનની આ આદત, દોલત અને મોજજોકની આ ઇછાથી એક ઘણી લખલુટ ખરચ કરવાને ઘણો લોભાએછે. સાધારણ રીતે એમ સમજાએછે કે પશ્ચીમ હીંદુસતાનના પારસાઓનો પોતાની જીંદગી ગુજારવામાં હીંદુ અથવા મુશલમાન જેવી પોતાની ભાઇબંધ પરજા કરતાં વધુ ખરચ કરવાનો એટલોબધો ધારો પડી ગઓ છે કે તેમની ભારે ચતુરાઇથી હરીફાઇ કરવામાં આવેછે, એઆને કે જે દરજજો એકવાર એકલા પારસીઓએજ જાલવી રાખીઓ હતો તે દરજજો રફતે રફતે મારવાડના તથા રાજપુતાણાંના બીજા ભાગો ખાતેના હીંદુઓ અને મુશલમાન હોરાઓ મેળવતા જાએછે. હવે આ સઘલી બા

બતો ઊપરથી તમારે બારે વીચાર કરવો જોઇએછે. વળી જેમ જેમ કેળવણી તમારામાં ફેલાતી જાએછે તેમ તેમ જવાન પુરૂશોમાં મેહેતાગીરીના તથા બીજા તરેહવાર ધંધાઓ કે જેમાં માણશોના હાથથી નહી પણ ભેજાથીજ કામ કરવાનું હોએછે તેજ કરવાની વલણ જણાઇ આવેછે. હવે અલબતે જવાન માણશો જીંદગીમાં કેળવણીથી પોતાને ઊંચે દરજજે પોહોંચાડવાની કોશેશ કરે એનાં જેવું ઇજત ભરેલું બીજું કંઇજ નથી તોપણ સઘલાંજ માણશો એજ ધંધાઓ પાછલ લાગી શકતાં નથી. મંડલી મોટા ભાગોમાં વેંહુંચાઇ ગએલી હોવી જોઇએ અને માણશોના એવા મોટા વરગો પડવા જોઇએ કે જેઓ પોતાનું ગુજરાણ સુખીઅ કરીને હાથથી થતી મેહેનત કરીને કરતા હોએ. પણ હાથની મેહેનત સાથે કેળવણી અવશ્યની નથી એમ નથી. તેથીને ઊલટું હાથની મેહેનત નેમબંધ અને સારી કેળવણીથી મલતી ખબરદારીથી કરવાની બારે જરૂરછે. તોપણ આ વધારે અગતયનુંછે કે કેળવાયલા માણશોએ હાથની મેહેનતને તુછકારવી નહી જોઇએ. એટલા માટે સઘલા વરગના પારસીઓને વેહેવારૂ તેમજ કલા શંબંધી કેળવણી લેવાને ઊતેજણ દેવાની હું તમને તાકીદ કરૂંછું. અગત કરીને ખેતીવાડીના શંબંધમાં તમારા નેયાગાનોની અશલી દંતકથાઓ ઇઆદ કરવાની હું તમને વીનંની કરૂંછું. ખુદ ઇરાન મધેના તમારા હમવતની અને તમારોજ મજહબ પાલનારાઓ આજ લગન ઊતમ ખેતી કરનારાછે. હું માનુંછું કે ઇરાનના જરતોશતીઓને જેમ મુશલમાનો બોલાવેછે તેમ તાંહાંના ગબર લોકો, જેમને કદાચ તમારી આગલ મારે ઇરાનના જરતોશતીઓને નામે જણાવવા જોઇએ, તેઓ આખા

એશીઆખંડમાં શરવેથી શરશ ખેતી કરનારાઓમાંનાછે. જે ઇરાનીઓ મુંબઇ ખાતે આવેછે તેઓ બાગબાનીના શઘલા પરકારોમાં પોતાની અજબ રીતની હુશીઆરીથી પોતાના ધણીઓને આશચરીઅ કરેછે. હવે હીઆં હાજર થએલા મોં૦ ખ. રૂ. કામાની મેહેરબાનગીથી જંદ અવશતાના પરોફેશર બલીકે કરેલા તરજુમાની કેતાબ આજે મને મલીછે કે જેને તમોએ શરવેથી મોરો મરતબો આપવો જોઇએ. હવે તેમાં જંદ અવશતાનાં વંદીદાદને નામે ઓલખાતા ભાગમાં આગલા જમાનાઓમાં ખેતીવાડીને કેવું માન મળતું હતું તે વીશેના કેટલાક ભારે અશરકારક અને રસ ભરેલા પ્રકરાઓ મને મલી આવીઆછે. વંદીદાદની ૩ ૭ પરગરદમાં આ પ્રકરોછે—

" કીઓ શખસ આ જમીનને ચોથી મરતબે ઘણીજ ખુશી સાથે ખુશહાલ કરેછે ?

"તીયારે હોરમજદે જવાબ આપીઓ : અએ પવીતર જરતોરથ, જે ધણી જમીન ઊપર અનાજની તથા ઘાસ ચારો તથા ખોરાક (પ્રળ–મેવો) આપનારાં જાડોની સારી પેઠે ખેતી કરેછે, અથવા જે ધણી પાણી વગરની જગાને પાની વાલી કરેછે યા પાની વાલી જગાને પાની વગરની કરેછે (તે ધણી જમીનને ધણીજ ખુશાહલ કરેછે), કારણકે જે જમીન લાંબો વખત શુધી વગર ખેડવે પડી રેહે તે ખુશી થતી નથી.

. . . .

"અએ પવીતર જરતોશત, (જારે) કોઇ ધણી આ જમીનને એ બાજુમાંની ડાવીથી જમણીએ અને બે બાજુમાંની જમાનથી ડાવીએ (ઇઆને બંધે હાથે કોશેશ કરીને) નથી ખેડતો, તારે આ જમીન તે ધણીને કહેછે કે

" અએ માણસ (તું) કે જે બે બાજુમાંની ડાવીથી જ મણીએ અને બે બાજુમાંની જમણીથી ડાવીએ મને ન થી ખેડુતો તો ખચીત તું ખોરાકને માટે ભીખ માંગતો બીજાને બારણે ભટકતો રેહેશે (અને) તું કે જે સુસતી અને આલસાઇથી બારણે બારણે ભીખ માંગતો ફરશે તારે તેઓ ખચીત તને (વાસી) ખોરાક લાવી આપશે."

હવે આ વાકીઅ ઊપરથી હું એવો અરથ ઊઠાડું છું કે જે માણશો અથવા વરગોથી બનેલી એક પરજા ખેતી કરવાથી બેદરકાર રેહેછે તો આખેરશ તેના ગુજરાણનો તેની પાસ ઊપાએ રેહેતો નથી. અલબત તે પરજાને બીજાં દેશો મધેથી ખોરાક મલશે, અને એ જાતના દાખલા તવારીખમાં નોધાએલાછે, તોપણ દુનીઆની સઘલી સવતંતર અને ખરેખરાં કુમવાલી પરજાઓ પોતાનો ખોરાક પુરો પાડવા માટે બીજાઓ ઊપર સઘલો આધાર રાખીને કદી પડી ન હતી. અરથ વીદીઆ તરફ તમે નજર ફેરવશોતો તમને માલમ પડશે કે ગામડી ખેતીમાંથી નીપજ તો ખોરાકનો સસતો અને પુશકલ જથો એક પરજાના બલ અને આબાદાનીનો મોટો પાએઓછે. હવે જરતોશતના આ ફરમાનો પરમાણે અસલી ઇરાનીઓ એવા તો બોલે બોલ ચાલીઆછે કે ખેતીવાડીનો જે બંદોબસત તમારા નેઆગાનોમાં ચાલું હતો તે કદાચ આખી દુનીઆમાં સરવેથી પુરાનો હશે. બરીટીશ હીંદુસતાનમાં નેહેરો અને ખેટીને માટેનાં પાણીનાં બાંધકામો જોઇને અથવા બીજા મુલકોમાં જે છે તેઓ વીશે સાંભલીને તમે અજબ થશો, પણ તમારે ખાતરી રાખવી કે જે બાંધકામો હજારો વરસની વાતપર ઇરાની શેહેનશાહાતના વીસતારના મોટા ભાગ ઊપર, તથા જીહુન અને સીહુન નદીઓ તથા તેમની શા

ખાઓના કાંઠાઓ ઊપર ફરી વલીયાં હતાં તેઓબી એવાંજ માહાભારત હતાં. વલી ફ્રેરાત અને દજલ નદીઓનાં કાંઠાઓ ઊપરબી એવાંજ બાંધકાંમો હતાં, જેમની નીશાનો આજ શુધી માલમ પડેછે. જે જગાઓ અને દેશના આખાં મેદાંનો આજે તદન વેરાન અને ઊજડછે, તેઓ આગલ એકવાર હાલ જમાનાની દુનીઆના સરવેથી સરસ આબાદાની ભોગવનારા મુલુકોમાંના હરકોઇના જેવાજ પુશકલ ખેડાએલાં હતાં, સમપુરણ રીતે તેઓમાં નેહેરોને મારગે પાણી ફરી વલીઊં હતું અને ખીચોખીચ વસાએલાં હતાં. ઇરાનનાં પાણીનાં બાંધકામોનાં પુરાતનપણાના સંબંધમાં મી૰ જારજ મારશ નામે એક અમેરીકન ગરંથકારે "માણશની મેહેનતથી બદલાએલો પુરૂથવીનો સવરૂપ" એ નામે બનાવેલાં પુસતકમાંથી તમોને એક ફકરો વાંચી સંભલાવવાની રજા લઊંછું કે જે ધણીને માટે કદાચ એવું કેહેવાઇ સકાએ કે તે પુરૂથવીની સપાટીના કુદરતી અને જરૂરના શુધારા સંબંધી હરકોઇ જીવતા માણસ કરતાં વધારે જ્ઞાન ધરાવેછે. મી૰ મારશ લખેછે કે—

"સાધારણ દંત કથા પરમાણે માણસ જાતના પાલણા દાખલ ગણાએલાં મુલુકોમાં, જે જમાનાઓની આપણી પાશે લખેલી શાહદતોછે, તે કરતાં ઘણા ઘણા જમાનાઓ આગમજ, દેખાતી રીતે પાણીનાં બાંધકામોને માટે બનાવેલી નેહેરોની નીશાનીઓ આપણને માલમ પડેછે. અસલી આરમીનીઆ (જે ઇરાન શેહેનશાહતનો એક ભાગ હતો તે) માં એવા વીસતીરણ જીલાઓછે જેઓ, તવારીખના પેહેલ વેહેલા જમાનાથીજ વેરાન થતા ચાલીઆ હતા, પણ જેઓમાં એ કરતાં વધારે પુરાતન વખતોમાં ગુચવણ ભરેલી અને અછી રીતે હાથથી ખોદેલી નેહેરોને મારગે પાણી પુરૂં પાડવામાં આવીઊં હતું, જે નેહેરોની

હાર હજીશુધી પકડી શકાએ એમછે, અને જે ઊંચાણ ૦૮ ગાઓમાંથી પ્રારત નદી પોતાના મુલો લેછે તે સઘલી ૦૮ ગાઓમાં તેમજ ઇરાન, મીસર, હીંદુસતાન અને ચીનમાં આ જાતના બાંધકામોછે કે જેઓની હઇઆતી માણશે પોતાની તવારીખ નોધવી શરૂ કરી તેની આગમજની હોવી જોઇએ."

આ બાબતની વધારે સાબેતીમાં શાહાનામાના મી૦ એટકીનસનવાલા તરજુમામાંથી હું તમને એક ફકરો વાંચી સંભલાઊંછું, કે જેમાં બુજરગ પાદશાહ જમશેદનાં કામોનું વરણન આવેલુંછે. શાએર (ફીરદોસી) કેહેછે કે જમશેદનાં વખતમાં,

"જંગલી જમીનો ખેડાતી હતી, અને જાંહાં જાંહાં ઝરો યા નાલું દોડતું અને જાંહાં જાંહાંની જમીન સારી હતી તાંહાં તાંહાં તે પોતાની રઇએતોનાં રેહેઠાણો મુકરર કરતો, અને તાંહાં તે લોકો હલ ખેડતા અને કાપણી કરતા, કાંએ કે તે જમાનામાં સરવે કોઇ મેહેનત કરતાં, આલસાઇ અને શુસતીમાં કોઇને પણ રેહેવા દેતા ન હતા.

હવે ગરહસથો, હું વીસવાસ રાખું છું કે આ વીચારો કેટલેક દરજે તમારૂં તેમજ પશચીમ હીંદુસતાન માં હેલા તમારા હમદીન ભાઇઓનું ધેઆન ખેતીવાડીની અગત તરફ ખેંચશે. જેમ ચાલુ સદીમાં તમે કરીઊંછે તેમ જો તમે વધીઆજ જવા માંગતા હોએ તો, તમે હમણાશુધી આબાદ થતા ગઆછો તેમજ તેમાં વધવા માંગતા હો તો, હે! ગરહસથ પારસીઓ, ખાતરી રાખજો કે તમોને હેવાં ધંધા લેવા જોઇશે કે જેઓમાં તમારા હાથના ધંધાઓ કરતાં હાથની મેહેનતનું વધારે કામ હોએ, જેઓમાં શરીર સંબંધી વધારે મોટાં સંકટો ખમવા પડે. મને ઊમેદછે કે તમો વેપારમાં હાલ

જેવા ફતેહમંદ નીવડોછો તેવાજ નીવડતા રેહેશો. મને વીસવાસછે કે એ બાબતમાં તમારી ચતુરાઈ અને તમારૂં શાહાસીકપણું તમને દગો નહી દેશે, પણ બીજા હાથ પર હું ઊમેદ રાખુંછું કે તમે તે ઊદીઓગી ધંધાઓ પાછલ મંડશો કે જેઓ એક પરજાને મોટી બનાવવામાં મદદ આપેછે, અને જેમાં મલતી ફતેહ પરજાની આબાદીનીનાં બરડાના હાડકાં જેવીછે. સારાં ભાએગે હીંદુસતાંનનાં દરેક ભાગમાં પુશકલ જગા ખેડવા લાએક પડેલીછે, અને એવી જગા આ ઈલાકામાં જેટલીછે તેટલી તે હીંદુસતાંનનાં કોઈ પણ ભાગમાં નથી. મધીઅ એશીઆના મુલકોની પુશકલ જગાઓને ઈરાનના જમશેદ અને બીજા અશલી પાદશાહોએ ફાએદા ભરેલી કરવા માટે લીધેલા ઊપાઓ જેવીજ મોટી અને પુશકલ કુદરતી સામગરી પાણીનાં બાંધકામોને માટે આજે તઇઆરછે. વલી ગામટી લશકરમાં ધંધાને માટે એક શુંદર મેદાન પડેલુંછે. હું જાણું છું કે પારસીઓ તે લશકરમાં પોતાનાં નામો નોધાવતા નથી તેનું કારણ તમારી તવારીખ લખનાર મી૦ ડોસાભાઈ ફરાંમજી એમ જણાવેછે કે એ કરતાં તેમને બીજા ધંધાઓમાં વધારે મલેછે. જાંહાંશુધી તેઓને વધતું મલે તાંહાંશુધી તેઓને લશકરી નોકરીમાં દાખલ થવાની તમે વકી રાખી શકો નહીં, પણ ગરહસથો, ઇઆદ રાખજો કે આ હાલત સદાકાલ શુધી નીભીઆ કરવાની નથી. હાલની રીત પરમાણે જો તમો વધતા અને વરધી કરતા જનાર હોતો તમારામાં એવાં માણશો હોવાં જોઇએ કે જેઓ જે પગારે નોકરી કરવાને હજારો હીંદુઓ અને મુસલમાનો રાજીછે તે પગાર ઊપર સંતોશ પકડે. છેહલે, ગરહસથો, મને તમારાં મનપર આ વાત ઠસાવવા દો કે જારે તમે ઊપીઓગી અને ઊદીઓગી ધંધાઓ પાછલ તમારાં લક્ષ

આપો તે વેળા તમારે નીતીની તે કેળવણી કદી ભુલી જવી નહી જોઇએ કે જે પરાચીનકાળથી જરતોશતી ધરમ બજા લાવીઓછે. તમોને ઇઆદછે કે હજારો વરશો ઉપર ઇરાની પરજા સાચું બોલવાની આદતને માટે વખણાયલી હતી. વલી તમો ઘણું કરીને આં વાતથીબી જાણીતાછો કે હાલ જમાનાની ઇરાની પરજાને તેથી ઉલતુંજ બોલવાની આદત પડીછે એમ તેઓ પોતે કબુલ કરેછે. મારી પોતાનીજ સતા ઉપરથી આમ હું કેહતો નથી, પણ તેઓ વીશે હમેશાં એવી વાત ચાલેછે કે હાલમાં જુઠું બોલવાની ટેવ ઘણીજ પડી ગઇછે એમ તેઓ પોતે જાહેર કરેછે. અલબત એ આદત ઘણું કરીને તેઓ ઉપર વારેઘડીએ હુમલાઓ થવાથી અથવા તેઓના પછલ પડી જવાથી, જુલમ વેઠવાથી, અને કીસમતના પુશકળ ફેરફારોને આધીન થવાને લીધેછે. સારાં ભાયગે જે ખોટુંછે તે કરવા અને કેહેવાની સઘલી લાલચો થી તમો બકાતછો. તમો એક ઠરીઠામ થયલાં રાજમાં વશોછો, અને જે મોટી ઇરાની શેહેનશાહાત વીશે મેં હમ ણાજ તમને વાંચી સંભલાવીઉ તે કરતાં વધારે મોટી શેહે નશાહાતનો તમો એક ભાગ બનાવોછો. તમે એક એવા હાકમની રઇયતછો કે જેના રાજમા વસવાને કોઇ પણ એશીયાટીક પરજા મગરૂર રેહે, અને તેટલા માટે સંસારી અને રાજદુઆરી હાલતજ ધયાનમાં લેતાં કીરતારે તમને સરજેલુંછે તે પરમાંણે આ જીંદગીમાં તમારી ફરજ બજા વવાને તમોને દરેક જાતનું ઉતેજન મલેછે. જેમજેમ તમે તમારા અસલી ધરમનું ગનીઆંન કે જે તમારી પરજાને જરતોશત વારસામાં આપીગઓછે તે વધારતા જાઓ તારે તમારે અગત કરીને તે ફકરાઓ ઉપર લક્ષ દેવુ કે જે નીતીમાન અપક્ષપાતપણું અને સચાઇ શીખવેછે. આ બાબત વીશે એક અજબ જેવા અસરકારક ફકરાની મને યાદ

આપવા દો. પરોફેસર બલીકના તરજુમા વાલા ખોરદેહ અવસતામા છેહલાં મને નીચલો ફકરો મલી આવીઓછે:—

"ગાલેબ અને હોરમજદનાં પેદા કીધેલાં કેયાની નુરને હુમો ઇજીએ છીએ, ઇતીઆદી.

"જે નુર લાંબો વખત શુધી નેક ટોલાવાલા જમશેદને લાગુ પડીઊં તારે તેણે રાજ ચલાવીઊં, સાત ખંડો વાલી જમીન ઊપર, માંણશો ઊપર, ... જુઠાઇની ગેર હાજરીને લીધે, એટલે તે (જમશેદ)ના રાસતી ચાહાવામાં આ જુઠો સખુન બોલીઓ તેની આગમજ.

"પણ જારે તેણે નારાસતી ચાહાવામાં જુઠો સખુન કાહાડીઓ તારે તેની પાશેથી ઊપલું નુર પક્ષીનાં આકારે દેખઇતી રીતે જતું રહીઊં. જારે તે નેક ટોલાવાલા જમશેદે પેહલું નુર વધારે વખત જોઊં નહી તારે તે દલગીર થએલો જમશેદ નાખુશ થઇને બુરા વીચારો તરફ લથડીઓ અને ધાબરો પડી જઇને જમીન ઊપર નીચે પડીઓ."

અલબતાં ગરહસથો, આ વાકીઅ અતીઘણા પુરાના હશે, તોપણ પરાચીનકાળની દુનીઆના આ વાકીઓ પુરતી રીતે સમજ પડે એવા છે અને આજના વખતે તમને સમજ પડવા જોઇએ. તમારા પોતાના પવીતર લખાંણમાંના આ વાકીઅ ઊપરથી ઘણીજ અસરકારક રીતે શીખોછો કે આ તેમજ આવતી દુનીઆમાં તમારી આબાદાનીને માટે સચાઇ અને નીતીમાન અપક્ષપાતપનું અવશીઅ છે. મને ઊમેદ છે કે આ વીચારો ઊપર જાથુકનું લક્ષ દેવાથી અપક્ષપાતપણા અને સચાઇને માટે આગલા જમાનાઓમાંના ઇરાનીઓ જેવા પરખેઆત હતા તેવાજ પરખેઆત અરવાચીન કાળના પારસીઓબી થશે. ગરહશથો, હું મારી જગા લઊં તેની આગમજ હું મારી એવી ઊમેદ જાહેર કરીશ કે મેં તમને જે બોધ દેવાની હીમત કરીછે તેને તમે ઠપકા

લાએક ગણશો નહી. અને તમારી દેખઇતી વલાંણોમાં જે ખામીઓ શોધી કાહાડવાની મેં હીમત કરીછે તેના સંબંધમાં કરેલા ઇશારાઓ સારા ભાવથી કબુલ રાખશો. સત કરીને માણજો કે આ શીખામણ તમારી આબાદાનીને માટેની સરવેથી સરસ ઇછાથી અને તમારા શુખ તથા ખેર ખાહીમાં ભાગ લેઇને તમને દીધી છે, એ હમદરદીપણું એવું છે કે જેમાં હઇયાં હાજર રહેલો દરેક ઇઊરોપીઅન ગરહશથ ભાગ લેછે એવી મારી ખાતરીછે.

રા० ગો०

(નંબર ૫.)

શેઠ દીનશાજી માંણેકજી પીટીટે શગડી બંધાવી તે વીશે વાંચેલું અનજુમન પતર.

પાક દાદગર દાદાર હોરમજદની મદદ છે.

દશતુરજી શાહેબો, દેશાઇજી શાહેબો, તથા મોજલશના શાહેબોની શેવામાં જણાવાની રજા માગુચ કે નોશારીની જરથોશતી અનજુમન તરપથી હમોને પરમાશ થઇ હતી જે નોશારી મધે એક શગડીની ઘણી જરૂર છે તે બંધાવી આપવી તે કાંમ કરવા હમોએ મોહટી ખુશી શાથ કબુલ રાખીઊ હતું ને પાક પરવરદેગારની મેહરબાંનીથી શગડી બંધાવી તઇઆર કરીછે જે મકાન મધે આજ દીને જશનની કીરીઆ કરવામાં આવીછે તે જશનમાં તમો શાહેબો શાંમેલ થએઆ છેવો તે જોઇ હમોને ઘણી ખુશી હાંસલ થઇ છે ને તમો શાહેબોનો હું ઊપકાર માનુંછું.

બીજું એ શગડી આજ દીનથી જરથોશતી ટોલાના ખાશ વ આમને વાપરવા કીજે નોશારીની જરથોશતી અનજુમનની પંચાએતના શાહેબોને શવાધીન કરવા શારૂ હમોએ તે શાહેબોને જે કાગજ લખીઓ છે તે તમારી શેવામાં વાંચી શંભલાવાની રજા માંગુચ (તાલીના અવાજો.

પાક દાદગર દાદાર હોરમજદની મદદ હોજો.

નોશારીની જરથોશતી અનજુમનનાં ફંડના તરશટી શાહેબો જોગ.

તમો શાહેબોની શેવામાં લખી જણાંઉ છેઉ જે નોશારી મધે શેઠ નશરવાંનજી રતનજી તાતાને દુખમું બાંધવા માટે તાંણો પુરવાની કીરીઆ રોજ ૨૦ મો માહા ૬ ઠોને દીને કરી હતી તે વેલા હમો નોશારી મધે આવેલા હતા તે વખતે નવશારીની જરથોશતી અનજુમન તરફથી હમોને ફરમાશ કરવામાં આવીછે જે એ ગાંમ મધે શગડીની ધણી જરૂર છે તે બંધાવી આપવી ને તે બાબે રોજ ૨૮ મો માહા ૬ ઠો શને ૧૨૪૬ ઇઅજદેજરદી શેહનશાહી તા૦ ૧૬મી મારચ શને ૧૮૭૭ ને વાર સોમે ને દીને હમોને તેવો શાહેબો તરફથી એક કાગજ પણ લખવામાં આવેઓ છે તે કાગજની નકલ આએ સાતે મોકલી છે. તે કાંમ તેવોની ખાહેસ મુજબ કરવા હમોએ મોહટી ખુશી શાથે કબુલ રાખીઉ હતુ અને તે શગડી બાંધવાની જગા શારૂ હમોએ તમારી અનજુમન પાશેથી પરવાનગી મેલવી સગડી હમારા બેહશતનશીન માતાજી બાઈ હમાબાઈ જીજીબાઈ તે મરહુમ શેઠ માંણેકજી નશરવાંનજી પીટીટના ધરીઆંણીના પુનને શારૂ બંધાવી તઇઆર કરીછે તે આજ દીનથી જરથોશતી ધરમ પાલનારા ખાશ વ આમને વાપરવા કીજે તમારા શવાધીન કરીએ છીએ તે મેહરબાંની કરી તમો શાહેબોએ તમારા શવાધીનમાં લેઇ રાખવી ને તેની ધટતી મરામત તથા દેખરેખ રાખવાની તજદી લેવા.

બીજું આએ પતર મધે રૂ૩૦૦૦ અંકે તરણ હજાર નો અંગરેજ શરકારની નોટ ટકા ૪ નાં વેઆજની નંબર ....વાલી બીરીછે તે તમો શાહુઓએ તમારા શવાધીનમાં અનામત રાખવી ને તે રૂપીઆનુ ખાતું નોશારીની અનજુમનનાં દપ્તર મધે નીચે લખેલા મુજબનુ પારવાની તજદી લેવી:—

"દીનશાજી માંણેકજી પીટીટ રેહવાશી મુંબઈનાંએ એહ
"શતનશીન માતાજી બાઈ હુમાબાઈ જીજીબાઈ તે મરહુમ શેઠ
"માંણેકજી નશરવાંનજી પીટીનાં ધરીઆંણીનાં પુનને શારૂ
"નોશારીનાં દુખમાંઓની જગા ઊપર શગડી બાંધી આપી
"છે તે ઠેકાંણે ચેરાગ તથા આતશ રોશન રાખવા તથા
"શગડીની મરામત કરવાનાં ખરચ શારૂ આપેલા રૂપીઆનું
"ખાતું."

ઊપલી વીગત મુજબનુ ખાતુ તમારા દપ્તર મધે પારવું ને તેનાં વેઆજની આવક મધેથી ઊપલી શગડીમાં જાથુક ચરાગ તથા આતશ રોશન રાખવા તેલ તથા કાઠીનો ખરચ કરવો તથા એ શગડીની મરામત કરવાના ખરચ શારૂ વાપરવું તે ખરચ કરતાં જે કાંઈ વધારો થાએ તેની શરકારી નોટ લેઈ ઊપલા રૂ૩૦૦૦ મો વધારો કરવો તે વધારાના રૂપીઆ જે કરવામાં આવે તે પણ અનામત રાખવા ને તે પણ આવક ઊપર જણાવેલા ખરચના કારણ શર વાપરવી અને એ ખાતાંનો હીશાબ અનજુમનનાં બીજા ફંડોનો તમો શાહેબો રાખો છેઓ તથા દર શાલે છપાવી જાહેર કરો છેઓ તેમ કરવાને તજદી લેવી.

ઊપલાં મકાન તથા રૂપીઆ ઊપર આજ દીનથી હુમારો તથા હુમારા વારશ વકીલોનો દરદાવો નથી તે જાણજો. રોજ ૧૭મો માહા ૬ ઠો શેહનશાહી તથા માહા ૭મો કદમી શને ૧૨૪૭ ઈઅજદેજરદી તા૦ ૫ મી મારચ શને ૧૮૭૮ને વાર સોમે. (શાબાશીના અવાજો.)

લી૦ દીનશાજી માંણેકજી પીટીટ.

(નંબર ૬.)

નોશારીની શમશત અનજુમન તરફથી શેઠ દીનશાજી માંણેકજી પીટીટને આપેલુ માન પતર.

ખોદાઈ બખશેશથી તમો શાહેબનો મરતબો આબાદ હોજો.

હમારા મેહરબાંન શખી વજુદશેઠજી સાહેબ દીનશાજી
માંણેકજી પીટીટ જોગ.

માનવંતા શાહેબ,

નવશારી શમશત અનજુમનનાં હમો નીચે શહી કરનારા દુવાગો; તમો શાહેબે આએ હમારા ગરીબ કસબામાં અશોપ્રોહની ખશનુદીને કીજે આએ શગડી અને તેમાં જાથુક દાદગાહ રાખીને હમારા ઉપર જે આભાર કરોછે તેનો ઉપકાર માણવાને આએ શુભ તકનો લાભ હમો તમો શાહેબ પાશેથી માંગીએ છીએ.

માનવંતા શાહેબ-અતરે જે શગડીઓ હાલછે તે ચરાગ મુકવાના કાંમ શીવાએ બીજી કોઈ ઉપીઓગમાં નહી આવવાને લીધે મરહુમ નામદાર શર જમશેદજી જીજીભાઈ પેહલા બેરોનેટ શાહેબે એક બીજી મોટી શગદી બંધાવી આપી હતી કે જેમાં અશોપ્રોહરની ખશનુદીને કીજે કીરીઆઓ કરીઆમાં આવતી હતી પણ તે શગડી બીશમાર હાલતમાં આવી જવાથી વાપરવાનાં કાંમમાં નહી આવવાને લીધે એક બીજી શગડી બાંધી આપવાને તમો શાહેબ, ગીએ શાલ દુખમાંના તાંણાંની વખતે અતરે પધારેલા હતા તારે હમોએ અરજ કરવાથી હમારી માંગણી તરતજ કબુલ રાખી આએ શગડી બંધાવી તેમાં જાથુક દાદગાહ રાખવાને માટે તમો

શાહેબે જે ગોઠવણ કીધીછે તેથી આએ ગરીબ અનજુમન તમો શાહેબનો મોહટો ઊપકાર માંણેછે.

મેહરબાંન શાહેબ—આએ તમારી બખશેશ અશોપ્રો હરોની ખશનુદીને કીજે એટલીતો ઊપીઓગી છે કે તે પ્રોહરોની ખશનુદીને બંધાવેલીછે તેથી તેમની નેક દુવાનો બદલો તમો શાહેબને મલીઆ વગર રેહશે નહી તોપણ તમારા દુવાગો પાક ખોદાતાલાની આગલ એવી દુવા માંગીએચ કે તે શાહેબ તમોને તમારા ફરજંદ પરજંદોની શાથે તનદરોસતી, ઊમરની દરાજી, પરજંદોની વરધી અને પુરતાં શુખઆલી દોલત એથીબી વધારે બખશીને તમારાં નાંમને વધારે ખુશી ભરેલુ કરે.

આએ બાબદ ખતમ કરતી વખતે તમારા દુવાગો આએ નેક કામની ઇધાંણી દાખલ એક નજીવો હદીઓ કે જે એક શીઆલ છે તે તમો શાહેબ આગલ ધરવાને શરપરાજી શમજેચ કે તમો શાહેબ મેહરબાંગીની રાહે બાહાલ રાખશો. એજઅરજ, રોજ ૧૭ મો શરોશ ઇઅજદ માહા ૬ ઠો શહરેવર અમશાશપંદ શને ૧૨૪૭ ઇઅજદેજરદી, તા૦ ૫ મી મારચ શને ૧૮૭૮.

માનવંતા શાહેબ,

હમો છીએ તમારા નેક દુવાગો

લા૦ દારાબજી દશતુર માહીઆરજીની દુવા કબુલ કરવીજી.

લા૦ અંધેઆરૂ બરજોરજી નવરોજી દેશાઇની દુવા કબુલ પરમાવવીજી.

બા૦ અંધેઆરૂ બમનજી દારાબજી દેશાઇની દુવા કબુલ કરવીજી.

(અને એ વીનાએ બીજી ૬૦૦ શહીઓછે.)

(નંબર ૭.)

શેઠ નશરવાંનજી રતનજી ટાટાએ બંધાવેલાં દુખમાં વીશે અનજુમન હજુર વાંચી શંભલાવેલો પતર.

પાક ઈઅજદાંની મદદ હોજો.

શ્રી નોશારી કશબાના તમાંમ ખાશોઆંમ જરતોશતી અનજુમનનાં શાહેબો જોગ—

જત તમો શાહેબોનો રોજ ૪ થો માહા ૧ લો શને ૧૨૪૬ ઈઅજદેજરદીને દીને લખેલો મેહજર આપણા કશબાના કેટલાએક શાહેબોની મારફતે મુંબઈ મધે હાતોહાત પોહોચાડીઓ હતો અને તે મધે તમો શાહેબોએ આપણા નોશારી કશબાના હાલના દુખમાંઓની હાલત બીશમાર છે વાશતે એક નવું દુખમું બંધાવી તઈઆર કરાવવાની અગત દેખાડી હતી તે ઘણી વાજબી અને જરૂરીઆત ભરેલી જણાએઆથી તમારા ગરીબ શેવકે અનજુમનનાં શાહેબોની ખાએશ પુરી પાડવાનો ઠરાવ કીધો હતો તે પાક પરવરદેગારની ફજલો કરમથી આજ દીને પાર પડેલો જોવાથી હું તે શાહેબ જે શઘલાં નેક કાંમનો મદદગારછે તેના શુકરાના કરૂં છેઊ.

આ નવું દોખમું જેના તાંણાની ક્રીરીઆ રોજ ૨૦ મો બેહરાંમ ઈઅજદ માહા ૬ ઠો શહેરેવાર અમશાશપંદ શને ૧૨૪૬ ઈઅજદેજરદીને થઈ હતી, તે શેઠ નશરવાંનજી ચાંદાભાઈ તથા શેઠ બેજનજી મનચેરજી ઇનજીનીઅરોનાં પલાંન તથા ઊપરીપણાં હેઠલ હમોએ હમારા બેહેશતનશીન માતાજી કુવરબાઈની નઈએતે બંધાવીઊછે. એ દોખમું આપણી માજદીઅશની દીનના ફરમાંન મુજબ ઈજાવી

આજના મોબારક રોજે જશન કરી રૂઆંનોને અવલ મંજલ પોંચાડવા શારૂ હું તમો અંનજુમનનાં શાહેબોને, હમારો તથા હમારા વારેશ વકીલોનો કશોબી અખતીઆર રાખીઆ વગર શવાધીન કરવાની રજા લેઊ છેઊ.

અનજુમનનાં શાહેબોએ આપણી નેક દીનનાં હોકમ તથા ફરમાંન મુજબ હંમેશે એ દોખમાંની શંભાલ તથા દેખરેખ રાખવીજી.

એ દોખમાંનાં કમપાંઊનડને લગતી દેવાલની બાહેર ઓતર દશાની બાજુએ જમીન વીઘાં ૫ શ્રીમંત શરકાર મહલારરાવ ગાએકુવારે હમોને ઇનાંમમાં આપેલીછે તે હમારા કબજામાંછે તે જમીન હમો આજ દીને અનજુમન ને શવાધીન કરીએ છઇએ, અને એ જગા દોખમાંની પડોશમાં આવેઆથી અનજુમનનાં શાહેબોની નજરમાં જેમ દરૂશત લાગે તેમ તેહેનો ઊપીઓગ કરવો. એ જગા ઊપર આજથી હમારો તથા હમારા વારેશ વકીલોનો કશો દર દાવો રેહેશે નહીં. મજકુર જમીનનો પરવાંનો ૧ શરકારે પોતા ની મોહોર શાથનો હમોને કરી આપેલોછે તે પણ રાખવા શારૂ અનજુમનને હવાલે કરવાની રજા લેઊછેઊ. એજ અરજ. રોજ ૨૦ મો બેહેરાંમ ઇઅજદ માહ ફરો શહેરે વર અમેશાશપંદ શને ૧૨૪૭ ઇઅજદેજરદી, તા૦ ૮ મી મારચ શને ૧૮૭૮ ઇશવી. શંવત ૧૯૩૪ નાં ફાગણ શુદ ૪ ને વાર શુકરે.

લા૦ કમતરીન શેવક એરવદ,

નોશેરવાંનજી રતનજી બીન દાશાબજી તાતાની

અરજ કબુલ કરવીજી.

(નંબર ૮.)

શેઠ તાતાજીનો ઊપકાર માનવા શારૂ દશતુર દારાબજી માહીઆરજીએ વાંચેલો પતર.

"મીજલશના શાહેબો—શેઠ નોશરવાંનજી રતનજી ટાટાએ હમણાં જે પતર વાંચી શંભલાવીઓછે તે શઘલા શાહેબોએ ધીઆંનથી શાંભલીઓ હશે. જે ધરમનું કાંમ એવણ શા હુબે ઊઠાવી પાર પાડીઊં છે અને જેની જશનની કીરીઆ આજદીને આપણ કરી પરવારીઆ છેઇએ તે કાંમ હેવુ ધરમનુ છે કે તેવાં કાંમનો ઊઠાવનાર પોતાને શારૂ સાવા બનો મોટો હુબેરો હાંશલ કરેછે કે જીવતાં માણશોના દુખ નીવારણ કરવા તથા તેમની બીજી હાલતો શુધારવાશારૂ જે મોટા ધરમો કરવામાં આવેછે તે શાથે શરખાવતાં આજ દીને જે મોહટું કાંમ પુરૂ થઊં છે તે થોડું અગતનું અને કીમતી નથી. આ દુનીઆ છોડી મીનોઇ જેહાંનમાં આપણે વાશો કરવા જઇએ તારે છેલી ઘડીએ આપણા હાડનુ કેકાંણું કોહાં કરવું એ વીચાર દરએક ધરમ વાલાઓમાં હમેશા મોટો અગતનો તથા અતીશે ગંભીરાઇ ભરેલો છે, અને એ કારણશર જે જગા ઠેડવેલી હોએછે તે ગોએઆ આપણી આએ દુનીઆ અને મીનોઇ જેહાંનની જીંદગીને જોરેછે અને તેથી કરી તેહવી જગા તરપ હમેશાં આપણે ઘણું માન ધરાવીએ છીએ. હેવી જગા જે શખી ગરહશથ પોતાના ખરચથી પોતાના હમજાતીઓને પુરી પાડે તે ગરહશથ પોતાની કોમનો મોહટો પેઆર પોતાની ઊપર ખેંચી લીએછે એટલુંજ નહી પણ તેના નેક કાંમની નોધ પાક પરવરદેગારની દરગાહમાં નોધાએછે. માટે શાહેબો શેઠ નશર

વાંનજી રતનજી ટાટાએ હાવું એક ઉપીઓગી અને ધરમનું કાંમ ઉઠાવેઆથી આપણાં કશબાના રેહવાશીઓ ઉપર જે મોટો ઉપકાર કીધોછે તેનુ બઅેઆંન હમારી તરફથી વધારે કરવાને જરૂર જોતો નથી કેમકે આપણી શમશત અનજુમન તરફથી એ શેઠનો ઉપકાર માંનવાને જે પતર માહરા હાથમાં મેલવામાં આવેઓ છે અને જે હવડાં તમો શાહેબો આગલ વાંચવામાં આવશે તેમાં પુરતી રીતે બઆંન કરવામાં આવેલું છે; તે પતર વાંચવાની આગમચ હમારી તરફથી એટલીજ દુવા ગુજારૂચ કે શેઠ નશરવાંનજી રતનજી ટાટા જેવને આ કસબાનાં જરથોશતીઓ ઉપર મોટો ઉપકાર કરેઓછે તેવણને તથા તેવણના ફરજંદોને તે શરવ શકતીવાંન શાહેબ દાદગર દાદાર હમેસાં તનદરોસતી તથા ખુશબકતી તથા આબાદાની બખશે અને તેવણ સાહેબને ખોદાતાલાએ બખશેલા ખજાણાંમાંથી હમેશાં ધરમનાં તથા શવાબનાં કાંમો કરતા રેહે."

ઉપલો પરતી ઉતર વાલીઆ બાદ નોશારીની અનજુમન તરફથી એક માંન પતર આપવામા આવેઓ જેહનો ઉતારો હમો નીચે જણાવીએચ—એ માંન પતર જાડાં ઊંચા કાગજ ઉપર કેતાબી ફુનેરી અખશરે લખેલુ હતુ અને તે ઉપર ઘણીએક નોશારીનાં રેહવાશીઓનાં શહીઓ થાઇ હતી. આ માંન પતર એક રૂપાના નલામાં મુકીઆમાં આવીઉ હતુ અને તેનું ઢાંકણુંબી શરશ કારીગીરીથી રૂપાંનુજ બનાવેલુ હતુ.

(નંબર ૯)

નોશારીની અનજુમને શેઠ તાતાજીને આપેલું માન પતર.

ખોદાઇ બખશેશથી તમો શાહેબનો મરતબો આલા હોજો.

હમારા હમવતની મેહેરબાંન શખી દીલના શેઠજી શાહેબ નોશરવાંનજી બેહશત મુકાંમ રતનજી બીન દારાબજી ટાટા જોગ—

માનવંતા શાહેબ,

શ્રી નવશારીની શમશત અનજુમનનાં હમો નીચે શહી કરનારા દુઆગો તમો શાહેબને જણાવવાને રજા લેઇએ છીએ કે તમો શાહેબે આપણાં આએ ગરીબ કશબામાં જરતોશતી રવાંનોને અવલમંજલ પોહોચાડવાને માટે આ દુખમું બંધાવીને જે ઊપકાર હમારા ઊપર કરીઓ છે તેનો આભાર માનવાની આ શુભ તકનો લાભ હમો તમો શાહેબ પાશથી માંગીએ છીએ.

મેહેરબાંન શાહેબ—તમો શાહેબની આએ બખશીશ એટલીતો કીમતી અને ઊપીઓગી છે કે તેને માટે એખલા હમોજ નહી પણ હવે પછીની હમારી ઓલાદ અને વલી કોઇબી પારકા દેશનો જરથોશતી કે જેની તેની છેલી આરામગાહની જગા આ કશબામાંજ શરજેલી હોએતો તે પણ એ બખશીશને માટે આભારી રેહેશે; એટલીબધી કીમતી અને ઊપીઓગી બખશીશનો આભાર માનવાને આએ તમારા દુવાગીરો તદન અશકત છે; એને માટે તમો નામદાર શાહેબની જેટલીબી તારીફ કરીએ તેટલી થોડી છે.

આએ ગરીબ કશબામાં એક નવાં દુખમાંની ઘણી જ રૂર હતી અને એ ખુટ કેમ પુરી પાડવી તેનો વીચાર કરતાં તમારા દુવાગીરો રાત દીન મોટી ફીકરમાં હતા કારણ કે એ કામને માટે એક પાદશાહી ખરચની જરૂર હતી અને તે રકમ આએ કશબામાંથી ઊઘરાટ કરીને તો શું પણ મું બઈ જેવા તવંગર શેહરમાંથી પણ જોઈતી મદદ મલી શકે એવો વીચાર હમોને નહી લાગવાથી તમારા દુવાગી રોને હેવું લાગીઊં કે એ આપણાં દુખમાંની ખબર તમો શાહેબને જણાવવી. એ મુજબ હમોએ જણાવવાથી તમો શાહેબે હમારા દુખને હઈડે ધરીને એ કાંમ તમો શાહેબ પોતેજ કરવાને જણાવવાથી હમોને જે ખુશી અને મગરૂબી ઊતપન થઈહતી તે વીશે વધારે લખવાની જરૂર નથી. ખુશી એટલા માટે ઊતપન થઈકે હમારા દુખનું નીવારણ જલદીથી થઈ ગએઊં અને મગરૂબી એટલા માટે કે એ કાંમ તમો જેવા હમારા હમવતનીથી થએઊં.

વલી એ કાંમ હમારી માંગણીથી પણ આગલ વધીને શેઠ નશરવાંનજી ચાંદાભાઈ અને શેઠ બેજનજી મનચેરજી જેવા કાબેલ ઈજનેરોની શહલા પરમાંણે બાંધવાથી એટલું બધું તો મજબુત થએલું છે કે એની હઈઆતી ઘણાં લાંબા જમાના શુધી કાએમ રેહશે એવી હમોને પુરી ખાતરી મલે છે, એ પણ એક હમારા ઊપર નવો આભાર થએલો છે.

આટલા બધા આભારનો બદલો વાલવાને હમો તદન અશકત છેઈએ. તોપણ પાક ખોદાતાલા આગલ હમો હ મારાં ખરાં જીગરથી એવી દુવા ચાહીએચ કે તે શાહેબ તમોને તમારાં જંદ ફરજંદોની શાથે તનદરોશતી, ઊમરની દરાજી, ફરજંદોની વરધી અને પુરતાં શુખવાલી દોલત એ થીબી વધારે બખશીને તમારાં નાંમને હમેશાં કાએમ રાખે.

માનવંતા શાહેબ—આએ બાબત ખતમ કરતી વખતે તમારા દુવાગીરો એક નજીવો હદીઓ કે જે એક શીઆલ

છે તે આ કાંમની ઇધાંની દાખલ તમો શાહેબ આગલ ધર વાને શરફરાજી શમજીએચ કે જે તમો શાહેબ બાહાલ રાખશો, એવી ઊમેદ છે, એજ અરજ.

રોજ ૨૦ મો બેહરાંમ ઇજદ, માહા ૬ ઠો શહરેવર અમશાશપંદ શને ૧૨૪૭ ઇઅજદેજરદી, તા૦ ૮ મી મારચ ૧૮૭૮, શવંત ૧૯૩૪ નાં ફાગણ શુદ ૪ ને વાર શુકરે.

માનવંતા શાહેબ,
હમો છેઇએ તમારા નેક દુવાગો,

લા૦ દુઆગો દારાબજી દશતુર માહીઆરજીની દોઆ કબુલ ફરમાવવી.

લા૦ અંધીઆરૂ બરજોરજી નવરોજજી દેશાઇની દુવા કબુલ કરજોજી.

લા૦ અંધીઆરૂ બમનજી દારાબજી દેશાઇની દુવા કબુલ કરજોજી.

(અને એ વીનાએ બીજી ૫૦૦ ઊપર સહીછે.)

માન પતર શાખવાનાં નલા ઊપરનો કોટરેલો લેખ.

(નલાના ઊપર આતશનાં પાતરાં વચે શપેંતમાન જરતોશતની શબી છે.)

" નેકનામ દીન દોશત મેહરબાંન શેઠ નોશરવાંનજી રતનજી ટાટાએ નોશારી મધે એક દુખમુ બંધાવી આપીઊં છે તેનાં ઊપકારની ઇધાંની દાખલ નોશારીના જરથોશતી ઓની શમશત અનજુમન તરફથી હેમાં એક માનપતર અરપણ કરીઊ છે. રોજ ૨૦ મો બેહરાંમ ઇજદ માહા ૬ ઠો શહરેવર અમશાશપંદ શને ૧૨૪૭ ઇઅજદેજરદી."

—— સમાપત. ——

ખબર.

આ ચોપડી નીચલે ઠેકાંણેથી વેચાતી મલશે.

કોટમાં—જાંગીર બેજનજી કરાંણીની દુકાંનેથી.

ધોબીતલાવ—મુંબઈ વરતમાંન પરેસમાંથી.

નવશારી—રૂશતમજી મનચેરજી પાવરીની દુકાંનેથ